## અર્પણ

### આવૃત્તિ ૧

ભારતવર્ષના વર્તમાન સ્વાતંત્ર્ય-સંગ્રામના તમામ સૈનિકોને સમર્પણ

### કાનૂનભંગ આવૃત્તિ

ચૂડી પડતાં સામ્રાજ્યને પોતાના જાસલ થાંભલાથી ટકાવવા મથતા
ધંધુકા તાલુકાના અમલદાર વર્ગને સપ્રેમ સમર્પણ


---

## ક્રમ


| | |
|---|---|
| નિવેદન | 3 |
| 1. બીક કોની, મા તને? | 5 |
| 2. કાલ જાગે! | 6 |
| 3. કવિ, તને કેમ ગમે? | 7 |
| 4. સ્વતંત્રતાની મીઠાશ | 8 |
| 5. યજ્ઞ-ધૂપ | 9 |
| 6. તરુણોનું મનોરાજ્ય | 10 |
| 7. ભીરુ | 11 |
| 8. વીર જતીન્દ્રનાં સંભારણાં | 11 |
| 9. નવ કહેજો! | 13 |
| 10. ઝંખના | 14 |
| 11. ગાઓ બળવાનાં ગાન! | 15 |
| 12. મોતનાં કંકુ-ઘોળણ | 17 |
| 13. શિવાજીનું હાલરડું | 18 |
| 14. ઊઠો! | 20 |
| 15. ઝંડાવંદન | 20 |
| 16. આગે કદમ | 22 |
| 17. ઓતરાદા વાયરા, ઊઠો! | 24 |
| 18. કોઈનો લાડકવાયો | 25 |
| 19. વિદાય | 27 |
| 20. છેલ્લો કટોરો | 28 |
| 21. માતા, તારો બેટડો આવે! | 29 |
| 22. છેલ્લી સલામ | 31 |
| 23. ફૂલમાળ | 33 |
| 24. ચારણ-કન્યા | 34 |
| 25. કસુંબીનો રંગ | 37 |
| 26. છેલ્લી પ્રાર્થના | 39 |

# સિંધુડો

## ઝવેરચંદ મેઘાણીનાં શૌર્યગીતો



હસ્તલિખિત કાનૂનભંગ આવૃત્તિ (1932)ના નામાક્ષર

૮૨૨/૨૫૦૪
મેઘાણી

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ 380 001

આવૃત્તિ 1 : 6 એપ્રિલ 1930 : સવિનય કાનૂનભંગ પ્રારંભદિન : 10,000 નકલ
ઘણીખરી નકલો પ્રજામાં પ્રસરી ગઈ હતી ત્યારે તેની લોકપ્રિયતાથી ચોંકી ઊઠેલી બ્રિટિશ સરકારે
'સિંધુડો' પર પ્રતિબંધ મૂક્યો. અને પછી તૈયાર થઈ હસ્તલિખિત ('સાયક્લોસ્ટાઇલ્ડ')
કાનૂનભંગ આવૃત્તિ (2) : 6 એપ્રિલ 1932 : 5,000 નકલ
સુવર્ણજયંતી આવૃત્તિ (3) : 6 એપ્રિલ 1980 : 3,000 નકલ
આવૃત્તિ 4 : સવિનય કાનૂનભંગ લડતની બ્યાશીમી જયંતી : 6 એપ્રિલ 2011
પુનર્મુદ્રણ : સપ્ટેમ્બર 2011

નકલ : 2200

પાનાં : 40

રૂ. 15

: પ્રકાશક :
અમર ઠાકોરલાલ શાહ
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ 380 001
ફોન : (079) 22144663. e-mail : goorjar@yahoo.com

: ટાઇપસેટિંગ :
શારદા મુદ્રણાલય
201, તિલરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ 380 006
ફોન : (079) 26564279

: મુદ્રણ :
ભગવતી ઑફસેટ
16/સી, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ 380 004

## નિવેદન

આશરે છેલ્લા એક વર્ષથી 'સૌરાષ્ટ્ર'ના મુખપૃષ્ઠ પર જે ગીતો દેખાતાં હતાં તેનો – થોડાંએક બીજાં સહિત – આ નાનો સંગ્રહ 'સિંધુડો' નામે પ્રગટ થાય છે. 'સિંધુડો' શબ્દ ગુજરાત-કાઠિયાવાડમાં જાણીતો છે. એ યુદ્ધના અને શૌર્યના સૂરનું સૂચન કરે છે. ગીતો કાવ્યત્વની કસોટીએ તો કાચાં છે જ; પણ પ્રસિદ્ધિ કરવાનો અધિકાર એક જ છે : જેઓએ વાંચ્યાં-સાંભળ્યાં છે તેઓની ચાહના. કેટલેક સ્થળે મોટી મેદિનીઓ વચ્ચે પણ એ ઝિલાયાં છે.

આમાંનાં કેટલાંએક યુરોપી કવિતાનો આધાર લઈ રચાયાં છે: બાકીનાં સ્વયં-સ્ફુરિત છે. સ્વયં-સ્ફુરણાનો જેમ ગર્વ નથી, તેમ આધાર લઈ રચેલાંની શરમ પણ નથી. શું અનુવાદમાં કે શું સ્વયં-કૃતિમાં, જેટલું સ્વાભાવિક હોય તેટલું જ સાચું છે.

આ સર્જનને અંગે મારા પર એક એવું ઋણ છે, કે જે એક ઘણા નિકટના આત્મજનનું હોવાથી ઉલ્લેખતાં કદાચ અનર્થને પાત્ર થાય, છતાં નિર્દેશ કર્યા વિના ન રહી શકાય તેવું છે. એ ઋણ મારા ભાઈ શ્રી કકલભાઈ કોઠારીનું છે. શૌર્યવતી અંગ્રેજી કવિતાઓ એના હાથમાં પડે કે ભાઈ ગુરુવારે મારી ગરદન પકડે, મારામાં આત્મવિશ્વાસ પૂરે, મારી જોડકણા-શક્તિને જાલિમની માફક કામે લગાડે : એ ગુલામીમાંથી ગુલામ એક એવો ખજાનો કમાયો છે, કે જે કદાચ અખૂટ નીવડશે. ગુલામે જાલિમ ઉપર પણ એક ગુપ્ત જીત મેળવી છે: ગ્રીસે રોમ પર મેળવી હતી તેવી: કવિતા ધિક્કારનારને કાવ્યનો રસ લગાડવાની.

બીજું એક નામ: રાગ આવડે કે ન આવડે, કોઈ સાંભળે કે ન સાંભળે, છતાં પાગલની માફક આ ગીતો મસ્તીભર લલકારનાર ભાઈશ્રી અમૃતલાલ શેઠનું.

કર્તાનું પરમ ભાગ્ય છે, કે આ સંગ્રહની પ્રસિદ્ધિ એક અભૂતપૂર્વ મુક્તિસંગ્રામના પ્રથમ પ્રભાતે થઈ શકે છે.

રાણપુર: 6-4-1930, સત્યાગહ-સંગ્રામનો પ્રથમ દિન — *કર્તા*

## રાજદ્રોહ

મુંબઈની સરકારે 'સિંધુડો' શા માટે જપ્ત કર્યો હશે! 'સિંધુડો'નાં સંગ્રામ-ગીતો શું એવાં ભયાનક છે? એક વખત 'નીતિનાશને માર્ગે' જેવું પુસ્તક જપ્ત કરનાર સરકારની આ પણ એક બેવકૂફી તો ન હોય!

સાવ એમ તો નથી. સ્વાતંત્ર્ય-સંગ્રામની પ્રભાતે એટલે તા. 6ઠ્ઠી એપ્રિલના રોજ 'સિંધુડો'એ દેખા દીધા. દસ-બાર હજારની માનવમેદની વચ્ચે ધોલેરાના અમૃત ચોકમાં જે વખતે 'કંકુ ઘોળજો જી' ગવાયું અને સબરસની લૂંટ કરવા જતા સૈનિકોને હજારો વર્ષની 'વેદના' સંભળાવી દર્દભરી વિદાય આપી, તે દિવસે 'સિંધુડો'ની પહેલી કિંમત અંકાઈ. અને ત્યાર પછી તો ગુજરાત–કાઠિયાવાડના સૈનિકોએ મસ્તીભર એ ગીતો લલકાર્યાં. 'સિંધુડો'ના કવિએ, કોર્ટમાં ફાટતે સ્વરે 'વેદના' પોકારી, ત્યારે સેંકડો રડ્યા હતા. નઠોર અમલદારની આંખ પણ ભીની થઈ હતી. સરકારને 'સિંધુડો' જપ્ત કરવા આટલું બસ હતું.

બાકી તો, સરકારની માયા અકળ છે. પોતાની હસ્તી કાયમ રાખવા એ અનેક રૂપ લે છે. નીચી મૂછ કરતાં પણ આવડે છે. ઘોર વિશ્વાસઘાત પણ અજાણ્યા નથી અને સમય આવ્યે નગ્ન

રૂપમાં સંપૂર્ણ પાશવતા પણ પ્રગટ કરે છે. આજે એ છેલ્લું સ્વરૂપ છે.

રાક્ષસી બળ ધરાવતી આ સરકાર સામે આપણે યુદ્ધ આદર્યું છે. સરકારના એકેએક કાયદાના ચૂરા કરવા, સરકારને સરકાર તરીકે કબૂલ ન જ રાખવી, એ આજના યુદ્ધનું રહસ્ય છે અને આ 'સિંધુડો'ની પ્રસિદ્ધિ એવા જ કાનૂનભંગને આભારી છે.

'સિંધુડો'નાં સંગ્રામ-ગીતોમાં ખરેખર મડદાંઓમાં પ્રાણ પૂરવાની શક્તિ હો કે ન હો, પણ સરકારના એક જુલ્મી કાયદાનો નાશ કરવાની શક્તિ તો છે જ.

1930ની 6ઠ્ઠી એપ્રિલને પ્રભાતે 'સિંધુડો'નો જન્મ થયો. આજે બે વર્ષે એ જ પ્રભાતે, એ જ રણક્ષેત્ર ઉપર 'સિંધુડો' 'રાજદ્રોહ'નો અવતાર લઈ જન્મ પામે છે. સરકાર એને નહિ મારી શકે. 'સિંધુડો' અમર છે.

રાણપુર: 6 એપ્રિલ 1932

વજુભાઈ શાહ<br>
ધોલેરા સત્યાગ્રહ સંગ્રામ સમિતિ

[સુવર્ણજયંતી આવૃત્તિ : 1980]

ઇતિહાસમાં અપૂર્વ એવી '30ની આઝાદી-લડત ચાલી ત્યારે પ્રસંગે પ્રસંગે આપણા રાષ્ટ્રીય શાયર મેઘાણીભાઈ 'સિંધુડો' ગાતા રહ્યા. 'કંકુ ઘોળજો જી કે કેસર રોળજો' એ શૂરવીરોને સાબદા કરવા માટેનું એમનું પહેલું ગીત. પછી તો એમનાં કલમ અને કંઠમાંથી વહેતી રહેલી ગીતધારાએ જુવાનોમાં એક પ્રકારની ખુમારી પ્રગટાવી. સત્યાગ્રહીઓ રણમેદાન પર અને કારાવાસમાં એ ગીતો મસ્તીભેર ગાતા રહ્યા. ભયંકર જુલમો ને ભીષણ યાતનાઓ સામે ઝૂઝવાની તાકાત આ ગીતોએ કેટલાંયમાં રેડી.

આવાં થોડાં ગીતોનો પ્રથમ સંગ્રહ 'સિંધુડો' નામે 1930માં પ્રગટ થયો. પહેલી આવૃત્તિ ને 10,000 નકલ: એમાંની મોટા ભાગની નકલ તો ખપી ગયેલી. પણ એની તાકાત જોઈને સરકારે 'સિંધુડો' જપ્ત કર્યો. બસ, સત્યાગ્રહી સૈનિકોએ પડકાર ઉપાડી લીધો. ભાવનગરમાં એક મકાનના ભોંયરામાં, ભાઈ રતુભાઈ અદાણીના સુંદર હસ્તાક્ષરવાળી મૂળ આવૃત્તિની આબેહૂબ પ્રતિકૃતિ જેવી 5,000 નકલો સાયક્લોસ્ટાઇલ થઈને જ્યારે રણમેદાન પર ઠેર ઠેર વહેંચાવા માંડી ત્યારે સરકારનો જપ્તી-હુકમ હાંસીપાત્ર બની ગયો.

આજે '30ની લડતને પચાસ વરસ પૂરાં થાય છે એ પ્રસંગે 'સિંધુડો'ની સુવર્ણજયંતી આવૃત્તિનું નાનકડું સંભારણું કેટલાયના દિલમાં અનેરો રોમાંચ જગવશે. 'સિંધુડો'ની કાનૂનભંગ આવૃત્તિ (1932) અને આ સુવર્ણજયંતી પુસ્તિકા એ બેઉનાં નિવેદન લખવાનું મારે ભાગે આવ્યું એ પણ એક પ્રસન્નતાદાયક સુયોગ છે.

ધોલેરા સત્યાગ્રહ સૈનિક સંઘ સુવર્ણ જયંતી: 5-6 એપ્રિલ 1980 — વજુભાઈ શાહ

[આવૃત્તિ 4]

1980માં સવિનય કાનૂનભંગ લડતની સુવર્ણ જયંતી નિમિત્તે 'સિંધુડો'ની આવૃત્તિ બહાર પડેલી. મૂળ આવૃત્તિમાં જે પંદર ગીતો હતાં એ અહીં ક્રમ 1-14 ને 26 પર જોવા મળશે. પ્રજાએ હોંશેહોંશે ગાયેલાં ને ઝીલેલાં વધુ અગિયાર શૌર્યગીતો અને ગાંધીગીતો ઉમેરાઈને હવે આજે એક્યાશીમા પર્વે 'સિંધુડો' સંવર્ધિત અવતારે આવે છે.

2011

જયંત મેઘાણી

# બીક કોની, મા તને?

બીક કોની! બીક કોની! બીક કોની, મા તને?
ત્રીસ કોટિ બાલકોની ઓ કરાલી મા તને.

બીક કોની, બંદૂકોની?
બીક કોની, સૈનિકોની?
બીક ચોર-ડાકુઓની?

નયન ફાડ, માર ત્રાડ, જરીક વાર જાગને!
હાં રે ઘેલી, ભાનભૂલી, બીક કોની, મા તને?

યુગયુગોથી બીત બીત,
વાર વાર વિકલ ચિત્ત,
ભાળે ભૂત ને પલીત!

પલક પલક થરથરાટ સન્નિપાત ત્યાગને,
નિજ પિછાન કર, સુજાન! બીક કોની, મા તને?

ઘડી ઘડી તુજ ધરમ જાય!
ભ્રષ્ટ થાય, હાય! હાય!
નાત જાત સબ લૂંટાય!

ઓ રે અંધ! બુદ્ધિ બંધ, રોતી ધૂળરાખને,
છોડ છોડ આત્મઘાત, બીક કોની, મા તને?

નિરખી તુજ વદન વિરાટ
દુશ્મનોના છૂટત ગાઢ,
દેખ દેખ ફડફડાટ!

તુંથી કો ન જોરદાર, ખાલી ખા ન ડર મને!
ગજવ ગજવ ઘોર નાદ, બીક કોની, મા તને?

દુશ્મન તુજ દ્વાર ખડો,
કપટી કૂટ પાજી બડો,
છલકે દેખ પાપ-ઘડો!

દોડ દોડ, દંભ તોડ, છોડ ન તુજ વાતને;
આ છે આખરી સંગ્રામ, બીક કોની, મા તને?

~ બીક કોની, મા તને? ~

## કાલ જાગે!

જાગો, જગના ક્ષુધાર્ત! જાગો, દુર્બલ-અશક્ત!
ઈન્સાફી તખ્ત પર કરાલ કાલ જાગે;
ભેદો સહુ રૂઢિબંધ, આંખો ખોલો, રે અંધ!
નીતમ દુનિયાનો સ્વર્ણ-સૂર્યોદય લાગે.
પૃથ્વીના જીર્ણ પાય આંસુડે સાફ થાય,
રક્તે ધોવાય; જાલિમોનાં દળ ભાંગે;
જાગો, જુગના ગુલામ! દેખાયે દિવ્ય ધામ:
ઈન્સાફી તખ્ત પર કરાલ કાલ જાગે –
દેવા દુષ્ટોને દંડ ઘોર કાલ જાગે.

નવ જોઈએ ધર્મપાલ, સ્વર્ગાસનધર કૃપાલ,
પશુના ગોવાલ સમ નિયંતા નવ જોઈએ;
માનવસંતાન સર્વ, મોડી ગર્વીના ગર્વ,
મુક્તિને પર્વ મેળ મનના મેળવીએ.
લૂંટણહારાની લૂંટ, લેશું આવાર ઝૂંટ,
ફૂટ ફૂટ બેડી લોક-પ્રાણ કેદ ત્યાગે;
જાગો, રે જનસમાજ, અરિને કરવા અવાજ,
ઈન્સાફી તખ્ત પર કરાલ કાલ જાગે –
દેવા પાપીને દંડ ઘોર કાલ જાગે.

સત્તા-નિયમોની જાલ, ધારા કેરી ચુંગાલ,
ભોળાં કંગાલ કાજ ફાંસલા પસારે;
ધનિકો મ્હાલંત મુક્ત, ગરીબોનાં લાલ રક્ત
સત્તાના ભક્ત આજ શોષે કરભારે.
બહુ દિન દાસત્વ સહ્યાં, જીવન નીર્વીર્ય થયાં,
બંધુત્વે વહ્યા પ્રાણ નવરચના માગે;
જાગો, જાગો, ગુલામ! આવી પહોંચ્યાં મુકામ:
ઈન્સાફી તખ્ત પર કરાલ કાલ જાગે –
દેવા ઘાતીને દંડ ઘોર કાલ જાગે.

પૃથ્વી પર રાજ કોનાં? સાચાં શ્રમજીવીઓનાં,
ખેડુનાં, ખાણિયાનાં, ઉદ્યમવંતોનાં;
રંકોનું રક્તપાન પી પીને પે'લવાન
બનતા ધનવાન-જ્ઞાનવાન તેનું સ્થલ ના:
ગર્વોન્નત ગરુડ-બાજ, ભક્ષક ઓ પંખીરાજ!

– સિંધુડો –

તમ વ્હોણો સૂર્ય કાલ તપવું નહિ ત્યાગે;
જાગો શ્રમજીવી લોક, ત્યાગો તંદ્રા ને શોકઃ
પૃથ્વીના પાટ પર કરાલ કાલ જાગે.

## કવિ, તને કેમ ગમે?

ધરતીને પટે પગલે પગલે
મૂઠી ધાન વિના નાનાં બાળ મરે,
પ્રભુહીન આકાશેથી આગ ઝરેઃ
અહોરાત કરોડ કરોડ ગરીબોના પ્રાણ ધનિકોને હાથ રમે –
ત્યારે હાય રે હાય, કવિ! તને પૃથ્વી ને પાણી તણાં શેણે ગીત ગમે!

લથડી લથડી ડગલાં ભરતી,
લાખો નાર ગલીગલીએ ફરતી
સારી રાત ભૂખે મજૂરી કરતીઃ
'મારાં બાળ પરોઢિયે જાગીને માગશે ભાત' વિચારી એ દેહ દમે –
ત્યારે હાય રે હાય, કવિ! તને સંધ્યા ને તારકનાં શેણે ગીત ગમે!

મન! છોડ નિહાળવા તારલિયા,
કાળાં કેદખાનાં કેરા જો સળિયા –
એનાં ક્રંદન શું નથી સાંભળિયાં?
એની ભીતર મૌન એકાકી રિબાઈ રિબાઈ હજારોના પ્રાણ શમે –
ત્યારે હાય રે હાય, કવિ! તુંને સાગરતીર કેરાં શેણે ગીત ગમે!

મહારોગ ને મૃત્યુના સાગરમાં
લાખો ચીસ-નિઃશ્વાસભર્યાં જગમાં,
સિતમે સળગંત ધરા-તલમાંઃ
રસ-સુંદરતા કેરી શાયરી છે બધી જાળ સુનેરી ભૂખ્યાં જનને –
ત્યારે હાય રે હાય, કવિ! તુંને શબ્દોની ચાતુરી ગૂંથવી કેમ ગમે!

દિનરાત જેઓની નસેનસમાં
પડે ઘોષ ભયંકર યંત્ર તણા,
પીએ ઝેરી હવા જે દમેદમમાં,
એને શાયર શું! કવિતા શું! ફૂલો અને તારલિયામાં એ કેમ રમે!
ત્યારે હાય રે હાય, કવિ! તુંને કૃષ્ણ કનૈયાની બંસરી કેમ ગમે!

સારા વિશ્વની જે દી ક્ષુધા શમશે,
ભૂખ્યાં બાળુડાં પેટ ભરી જમશે,
પૂરી રોટી પ્રતિજનને જડશેઃ
કવિ! તે દિન નીલ આકાશ તારા કેરી સુંદરતા સહુ સાર્થ બને,
તારાં કૂજન આજ જલાવી દે, પ્રાણ! રે દંભ ગાવા તને કેમ ગમે!

~ કવિ, તને કેમ ગમે? ~

# સ્વતંત્રતાની મીઠાશ

તારા નામમાં, ઓ સ્વતંત્રતા, મીઠી આ શી વત્સલતા ભરી!
મુરદાં મસાણેથી જાગતાં – એવી શબ્દમાં શી સુધા ભરી!

પૂછી જોજો કોઈ ગુલામને –
ઊઠ્યા કેવા ઓઘ એને મને
મળી મુક્તિ મંગલ જે દિને

એને કાને શબ્દ પડ્યો 'તું સ્વાધીન!' – શી ઓહો સુખની ઘડી!
એની આંખ લાલમલાલઃ છાતીમાં છોળો છલકાઈ પડી!
– તારા નામમાં, ઓ સ્વતંત્રતા૦

એને ભાન મુક્તિ તણું થયું
એનું દૈન્ય ક્યાં ટપકી ગયું?
એનું દિલગુલાબ ઝૂલી રહ્યું:

એના મસ્તકે નમવાનું ભૂલી આભ-શું માંડી આંખડી;
એની ઊર્મિ રાંક મટી રૂડા જગબાગમાં રમવા ચડી.
– તારા નામમાં, ઓ સ્વતંત્રતા૦

પડું કેદખાનાને ઓરડે,
લટકુંયે ફાંસીને દોરડે,
લાખો ગોળી તોપ તણી ગડે:

તારો હાથ હોય લલાટ, તો ભલે આવે જુલ્મ તણી ઝડી!
તારું નામ હોય જબાન, તો શી છે ભીતિ, ઓ મારી માવડી!
– તારા નામમાં, ઓ સ્વતંત્રતા૦

કાળી રાત ચોગમ ઘૂઘવે,
લાખો શાપ બંધુજનો લવે,
વા'લાં વેરી થૈ રોવે-મૂંઝવે:

છૂપ્યા ચંદ્ર-સૂરજ-તારલા, મધસાગરે મારી નાવડી;
ત્યાંયે જોઉં દૂર ઝબૂકતી, તારા દ્વારની ઝીણી દીવડી.
– તારા નામમાં, ઓ સ્વતંત્રતા૦

મારા દેશનાં સહુ શોષિતો,
દુનિયાનાં પીડિતો-તાપિતો,
ખૂણે ખૂણે ગાય તારાં ગીતો:

એનાં ભૂખ્યાં પેટ છતાં એને કેવી મોંઘી તું, કેવી મીઠડી!
એનાં બેડીબંધન તૂટશે, એવી આશે ખલ્ક બધી ખડી.
– તારા નામમાં, ઓ સ્વતંત્રતા૦

~ સિંધુડો ~

# યજ્ઞ-ધૂપ

આઘેરી વનરાઈમાં ઇંધન ક્યાં ચેતાય?
કોને આંગણ યજ્ઞમાં આપણ તેડાં થાય?

યજ્ઞનો ધૂપ ધમ ધમ દિગન્તે ચડે,
નોતરાં યુદ્ધનાં બારડોલી-ઘરે,
દૂર બેઠેલ અમ પ્રાણ થનગન કરે,
યજ્ઞનો ધૂપ આકાશભર ઊભરે.

મીઠી સૌરભ ધૂપની દૂર સુદૂર છવાય,
લાખો હૈયાં તુજ પરે હોમાવા હરખાય;

લાખ હૈયાં ધબકતાં તુંને ભેટવા
તોપ બંદૂક તલવાર પર લેટવા,
આજ તુજ યજ્ઞ-ધૂપે સુહાતી હવા
પ્રેરતી લાખને યુદ્ધ-ઘેલા થવા.

લાખ લાખ નયનો રહ્યાં નીરખી અંબરમાંય,
તારા યજ્ઞ-ધૂંવા તણી યુદ્ધ-નિમંત્રક ઝાંય.

નીરખતાં લાખ નયનો ગગન-કાંગરે,
ધૂંધળો ધૂપ ચડતો જગત-નોતરે,
ભડ થજે, ભય નથી, આજ અમરાપરે
દેવ-કુલ યજ્ઞ તવ નીરખવા ઊતરે.

રહેજે મક્કમ મરણ લગ, મોત બિચારું કોણ!
તું મરતે જીવવું ગમે એવો કાયર કોણ!

તું મરંતે હજારો તનય હિન્દના
વિચરવા એ જ પંથે અમર ધામના
સજ્જ ઊભાઃ તું નિષ્પાપ છે, ડરીશ ના!
યજ્ઞનો ધૂપ પીધા પછી ફરીશ ના!

# તરુણોનું મનોરાજ્ય

[ઢાળ: ચારણી કુંડળિયાનો]

ઘટમાં ઘોડાં થનગને, આતમ વીંઝે પાંખ;
અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ:
આજ અણદીઠ ભૂમિ તણે કાંઠડે
વિશ્વભરના યુવાનોની આંખો અડે;
પંથ જાણ્યા વિના પ્રાણ ઘોડે ચડે,
ગરુડ-શી પાંખ આતમ વિષે ઊઘડે.

કેસરિયા વાઘા કરી જોબન જુદ્ધ ચડે;
રોકણહારું કોણ છે? કોનાં નેન રડે?
કોઈ પ્રિયજન તણાં નેન રડશો નહીં!
યુદ્ધ ચડતાને અપશુકન ધરશો નહીં!
કેસરી વીરના કોડ હરશો નહીં!
મત્ત યૌવન તણી ગોત કરશો નહીં!

રગરગિયાં–રડિયાં ઘણું, પડિયાં સહુને પાય;
લાતો ખાધી, લથડિયાં – એ દિન ચાલ્યા જાય;
લાત ખાવા તણા દિન હવે ચાલિયા,
દર્પભર ડગ દઈ યુવકદળ હાલિયાં;
માગવી આજ મેલી અવરની દયા,
વિશ્વસમરાંગણે તરુણદિન આવિયા.

અણદીઠાંને દેખવા, અણતગ લેવા તાગ,
સતની સીમો લોપવા, જોબન માંડે જાગ:
લોપવી સીમ, અણદીઠને દેખવું,
તાગવો અતલ દરિયાવ – તળિયે જવું,
ઘૂમવાં દિગ્દિગંતો, શૂળી પર સૂવું:
આજ યૌવન ચહે એહ વિધ જીવવું.

## ભીરુ

[ઝૂલણાં]

'ધરા પર માહરે કોઈ શત્રુ નથી'
કાયરો એ અહંકાર ધરતા;
મર્દ કર્તવ્યસંગ્રામના જંગમાં
લાખ શત્રુને રક્તે નીતરતા.

તું રિપુહીન હોવાની શેખી મ કર,
બંધુ! નિર્વીર્ય એ દર્પ ગાવે,
બ્હાદુરો સત્યને કાજ નિર્મમ બની,
મિત્રની શત્રુતાયે વધાવે.

દેશદ્રોહી તણી કમર પર ત્રાટકી,
તેં નથી, મિત્ર, શું ઘાવ દીધા?
જૂઠડી જીભ પરથી શપથ-શબ્દને
તેં નથી, મિત્ર, શું ધૂળ કીધા?

ધર્મને વેશ પાખંડ પૂજાય ત્યાં,
બંધુ! શું ખડગ લૈ તું ન ધાયો?
સત્યના સ્વાંગ પે'રી ઊભું જૂઠ ત્યાં
ઝૂઝીને, મિત્ર, શું નવ ઘવાયો?

સૌમ્ય તું! ભલો તું! સંત, ભદ્રિક તું!
– ભાઈ, એ છે બધી તારી ભ્રમણા!
રંક તું, દીન તું, ભીરુ-કંગાલ તું –
સ્વાદ ચાખ્યા નથી તેં જખમના!

## વીર જતીન્દ્રનાં સંભારણાં

[ખંડકાવ્ય]

રણશિંગાં બજિયાં નહીં, નવ ગહેકી શરણાઈ,
તલવારોની તાળીઓ સમરે નવ સંભળાઈ;
સિંધુડા-સૂર શરણાઈના નવ સુણ્યા,
હાક વાગી ન, તોખાર નવ હણહણ્યા,
ઘાવ પર ઘાવ નવ ખડગના ખણખણ્યા,
યુદ્ધ-ઉન્માદના નાદ નવ રણઝણ્યા.

વિણ ઉન્માદે વીર તેં દીધો દેહ ધરી
બિન્દુ બિન્દુ રક્તનાં રિપુને દીધ ગણી;
બિન્દુએ બિન્દુએ રક્ત દીધાં ગણી,
ચૂકવી પલપલે દેહની કણીકણી,
મૃત્યુને ગણ્યું તેં ગોદ માતા તણી;
કે શું પ્રિયમિલનની રાત સોહામણી?

આવે મંગળ અવસરે, કોણ વિલાપ કરે!
કાયરતાને આંસુડે કોનાં નેન રડે!
વેગળી જાઓ રે અશ્રુની વાદળી!
વીરનાં તેજને નવ રહો આવરી;
નીરખવા દો મુને લાખ નયનો કરી,
આહુતિ-જ્વાલ એ બાલની અણઠરી.

ગગનવિદારણ રાગના ગાજો નંદન-ઘોષ!
ઉત્સવ-દિન આપણ ઘરે; અરિજનને અફસોસ;
અરિજનો થરથરે એહવી ઘોષણા
ગરજી ગરજી ભરો ગગનનાં આંગણાં,
ઊઠ રે ઊઠ, ઓ તરુણ. કોડામણા!
વીરનાં વાંચ શોણિત-સંભારણાં.

વણગાયાં ક્યમ વીસરીએ બહુમૂલાં બલિદાન,
ગાશું ઘરઘર ઘૂમતાં એનાં અર્પણગાન;
ગાઓ રે બેનડી, વીરને વારણે,
ગાઓ રે માવડી, પુત્રને પારણે,
બંદીજન, ગાઓ બિરદાઈ સમરાંગણે,
ભક્તજન, ગાઓ મંદિરને બારણે.

તારી ટેક ત્યજાવવા મથનારા કંગાલ,
કાળાં મુખ નીચાં કરી કૂટે વ્યર્થ કપાળ;
કૂટતા કપાળો ક્રૂર કંગાલ એ,
તાહરાં શાંત વીરત્વ નીરખી રહે,
'હાય! હા હારિયા,' દાંત ભીંસી કહે,
અણનમ્યા વીરને જાલિમો ક્યમ સહે.

બાણપથારી ભીષ્મની[1], દધીચિનાં વપુદાન[2],
મોરધ્વજે કરવત સહ્યાં[3], એ ઇતિહાસી ગાન;
જીર્ણ ઇતિહાસનાં ગાન એ વીસરિયાં,

~ સિંધુડો ~

જૂઠડી ભાવનાના થરોથર થયા,
નવેલા શૌર્ય-આદર્શ તેં સ્થાપિયા,
સમર્પણનાં નવાં મૂલ તેં આંકિયાં.

ઝીલો ઝીલો મલકતા જાલિમ તણા પ્રહાર,
લાલ કસુંબલ રક્તની ફૂટે શોણિત-ધાર;
પ્રહારે પ્રહારે ઉર-પતાળો ફૂટે,
કસુંબલ રંગની રક્ત-છોળો છૂટે,
મૃત્યુ-ભયના કૂડા લાખ બંધો તૂટે,
પાળ ફોડી અને પ્રાણનદ ઊમટે.

રજ રજ નોંધી રાખશું હૈયા બીચ હિસાબ,
અવસર આવ્યે માગશું કિસ્મત પાસ જવાબ;
માગવા જવાબો એક દિન આવશું,
ભૂખરી પતાકા સંગમાં લાવશું,
અમારા રક્તના હોજ છલકાવશું,
માતનો ધ્વજ ફરી વાર રંગી જશું.

1 બાણપથારી ભીષ્મની, મહાભારતના યુદ્ધમાં ભીષ્મપિતામહ શરશય્યા પર સૂતેલા.

2 દધીચિનાં વપુદાન,અસુરોના બીજી રીતે અશક્ય એવા સંહાર સારુ દધીચિ ઋષિએ પોતાનાં હાડકાં અસ્ત્ર કરવા આપેલાં.

3 મોરધ્વજે કરવત-સહ્યાં = મોરધ્વજ રાજાને જીવતા કરવત વડે ઊભા વહેરી નાખ્યા હતા તે પૌરાણિક કથા છે.

રાજકેદી જતીન્દ્રે રાજકીય બંદીવાનોની દશા સુધારવા માટે બોંતેર દિવસનું મરણાંત અનશન ઉપાડ્યું હતું: સને 1929.

## નવ કહેજો !

રણવગડા જેણે વીંધ્યા,
વહાલી જેને વનવાટ;
જે મરતાં લગ ઝંખેલો
ઘનઘોર વિજન રઝળાટ :
જે ગગન ચુંબતાં ગિરિશૃંગે સુણતો હાકલ અવિરામ –
એ સુભટ કાજ કો નવ કહેજો: 'પ્રભુ, દે એને વિશ્રામ!'

દમ દમ કર્મે મચી રહેતાં
ઊછળે ઉરમાં ધબકાર;
ભલી એ એની વિશ્રાંતિ
એ સુખ, જીવનઆધારઃ
એ પડે-લડથડે, છતાં ઊઠી ફરી ચડે યુદ્ધ અવિરામ –
એ સુભટ કાજ કો નવ કહેજોઃ 'પ્રભુ, દે એને વિશ્રામ!'

ધગધગ ધખતા સહરામાં
એ મહાલે શીતળ સેજ;
ઘન ઘન અંધારનિશામાં
ભાળે ભાસ્કરનાં તેજ :
વંટોળ વિષે પણ પામન્તો ફૂલદોલ તણા આરામ –
એ સુભટ કાજ કો નવ કહેજોઃ 'પ્રભુ, દે એને વિશ્રામ!'

જ્યમ શતશત પહાડશિખરથી
જળધોધ ઘૂઘવતો જાય,
જ્યમ ખુશખુશાલ કો જોદ્ધો
નિજ અશ્વ નચવતો જાયઃ
ત્યમ સત્ય તણો શોધક નિજ પંથે ધસે સદા અવિરામ –
એ સુભટ કાજ કો નવ કહેજો 'પ્રભુ, દે એને વિશ્રામ!'

વનવનમાં વદન હસવતી
કો સરિતા ચાલી જાય;
દુર્ગંધ જગતની વહતી
સાગરમાં શાંત સમાયઃ
સાચા જગસેવકનું જીવન ત્યમ પામે મૌનવિરામ –
એ સુભટ કાજ કો નવ કહેજો, 'પ્રભુ, દે એને વિશ્રામ!'

## ઝંખના

[ઢાળઃ 'મારા કેસરભીના કંથ હો']

મારી માઝમ રાતનાં સોણલાં ચમકી ચમકી ચાલ્યાં જાયઃ
મારી આતમ-જ્યોતના દીવડા ઝબૂકી ઝબૂકી ઝંખવાય.
જંપે જરી રોતાં લોચનિયાં ત્યાં
ઝબકીને જાગી જવાય;
આઘે આઘે આછા યુગનર કેરા
પડછાયા પથરાય રેઃ
મહાવીર દૂરે દરશાય. – મારી૦

~ સિંધુડો ~

આભ લગી એનાં મસ્તક ઊંચાં ને
પગ અડતા પાતાળ;
જુગજુગના જેણે કાળ વલોવ્યા ને
ડોલાવી ડુંગરમાળ રે:
ફોડી જીવનરૂંધણ પાળ. – મારી૦

ઠપકા દેતી હસતી મૂરતી એ
ઝળહળતી ચાલી જાય;
સ્વપ્ન સરે, મારે કાન પડે
મારા દેશની ઊંડેરી હાય રે:
એનાં બંધન ક્યારે કપાય! – મારી૦

ઘન ઘન અંધારાં વીંધણહારો
જાગે ન કો ભડવીર;
ડરતાં ડરતાં ડગલાં ભરતાં આ તો
વામન સરખાં શરીર રે
અણભીંજલ ઊભાં છે તીર. – મારી૦

જરીક જરીક ડગ માંડતાં મારી
જનનીને ના વળે જંપ;
આવો, વિપ્લવ! આવો જ્વાલામુખી!
આવો, રૂડા ભૂમિકમ્પ રે:
ભેદો જીર્ણતા-દારુણ થંભ. – મારી૦

## ગાઓ બળવાનાં ગાન!

ઊઠ અવનિના શ્રમજીવી!
ગાવા વિપ્લવનાં ગાન;
ઊઠ બાંધવ ને ઊઠ બેની!
ગાવા બળવાનાં ગાન.
ઊઠ પ્રેમ તણે ઝંકારે ગાવા પીડિત જનનાં ગાન!
ઊઠ રોષ અને ધિક્કારે ગાવા સમર્થ જનનાં ગાન!
એ સમર્થ આપણા સહુના
પૂર્વજના પીસણહાર,
ભૂખ્યાં આપણ શિશુઓની
રોટીના ઝૂંટવનાર;
એ જુગજુગના જુલમોનાં છેદન કાજે આજ પ્રયાણ,
હર કદમે કદમે ગૌરવભર ગાઓ વિપ્લવનાં ગાન!
ગાઓ બળવાનાં ગાન!

હર સૂર્યાસ્તે સૂર્યાસ્તે
ઓછા આવંત મુકામ;
હર સંવત્સર વહી જાતે
વધે જાલિમ દળની હામ.
શીદ ગાવાં અશ્રુ ગમગીની નિઃશ્વાસ તણાં દુર્ગાન!
નિર્ભય, ઉલ્લાસિત, નવચેતન, ગાઓ વિપ્લવનાં ગાન!
ગાઓ બળવાનાં ગાન!

અમ આશા ગુંજે ગગને,
અંતર ઊઠે ધબકાર;
અમ રક્ત-પતાકા પવને
કરતી જગને પડકાર;
'અમ શ્રમજીવી નિજ ભુજબળથી પામીશું નિજ પરિત્રાણ!'
આતમ-શ્રદ્ધાને ઘોર નિનાદે ગાઓ વિપ્લવ-ગાન!
ગાઓ બળવાનાં ગાન!

ઊંડા દુઃખની ગહ્વરમાં
સળગાવી અંતર-જ્વાલ,
કરો કૂચ સુધીર સમરમાં
લઈ લોચન કોપ-કરાલ.
જો ઊભાં આપણ માનવતાનાં ઘાતક દળ સુનસાન,
રગરગ સાહે નહિ, હુંકારે લલકારો વિપ્લવ-ગાન!
ગાઓ બળવાનાં ગાન!

જે ગુલામ આજ ચૂમે છે,
જાલિમનો શાસન-દંડ;
નિજ કદમે કાલ નમવશે,
પીડકનો તુંડ ઘમંડ
ઓ બંદી! તું જ જંજીર ભેદવા બનજે વજ્ર સમાન,
તું દાવાનલનો ભડકો થઈ ગાજે વિપ્લવનાં ગાન!
ગાઓ બળવાનાં ગાન!

ઉદયોન્મુખ આગે ધપતી
અમ સેના ચાલી જાય,
ડગ માંડે રટતી રટતી
એક જ શ્રદ્ધા ઉરમાંય –
'સ્વાતંત્ર્ય તણા સાચા આશકના પડશે એવા ઘાવ,
પૃથ્વી પટ પરથી જાલિમ દળનું કરશે કામ તમામ!'
ગાઓ બળવાનાં ગાન!

~ સિંધુડો ~

# મોતનાં કંકુ-ઘોળણ

[ઢાળ : ગજગતિ છંદ]

કંકુ ઘોળજો જી કે કેસર રોળજો!
પીઠી ચોળજો જી કે માથાં ઓળજો!

ઘોળજો કંકુ આજ યોદ્ધા રંગભીને અવસરે,
રોપાય મંડપ મોતના ગુર્જરી કેરે ઘરઘરે;
મીંઢોળબંધા તજી માયા, સજી આયુધ નીસરે,
હરખાવ પ્રિયજન, ગાવ ગુણીજન, દાવદુશ્મન થરથરે.

જોદ્ધા જાગિયા જી કે કાયર ભાગિયા,
ડંકા વાગિયા જી કે હાકા લાગિયા;

લાગિયા હોહોકાર રણલલકાર ઘરઘર બારણે,
કંકુ લગાવત પ્રિયા, બહેની લળે વીરને વારણે;
સહુ સાથ લડશે, પછી રડશે કોણ કોને કારણે!
રિપુઓને આંગણ સંગ-પોઢણ પામવા દિલ રણઝણે.

માંડ્યાં કારમાં જી કે જુદ્ધ જગે નવાં,
ના ના મારવા જી કે શીશ સમર્પવા;

કારમાં રણ ખાંડા વિનાનાં ખેલવા હાકલ પડી,
હુલ્લસિત હૈયે ઘાવ તાતા ઝીલવા સેના ચડી;
છો હણે ઘાતી, રખે થાતી રોષ-રાતી આંખડી,
ગુર્જરી! તારાં જુદ્ધ નવલાં ન્યાળવા આલમ ખડી.

ગુર્જર ઘેલડી જી કે ઓ અલબેલડી!
સમરાંગણ ચડી જી કે તું ન હતી લડી!

ન હતા લડ્યા તારા બિચારા બાળ ગભરુ ઘેલડા,
હર વરસ હોરી-ખેલ રસબસ રમન્તા તુજ છેલડા!
આવિયો ફાગણ આજ ભીષણ, ખેલજો રે ફૂલ-દડા!
મોતની ઝારી રક્ત-પિચકારી ભરી રિપુદળ ખડાં.

રાજ વસંતનાં જી કે વાહ વધામણાં!
ગાઓ ગાવણાં જી કે જુદ્ધજગાવણાં;

ગાઓ બજાવો, જુદ્ધ જગવો, વાહ, ઘોર વધામણાં!
ગુર્જરી! તારે મધુવને ગહેકે મયૂરો મરણના;
મઘમઘે જોબન, પ્રાણ થનગન, લાગી લગન, સહાય ના,
પ્રગટે હુતાશન, ભીતિનાશન, ખમા વીર! ખમા! ખમા!

~ મોતનાં કંકુ-ઘોળણ ~

## શિવાજીનું હાલરડું

(કાચબા-કાચબીના ભજન પરથી ઘડેલો ઢાળ)

આભમાં ઊગેલ ચાંદલો ને
જીજાબાઈને આવ્યાં બાળ
બાળુડાને માત હીંચોળે
ઘણણણ ડુંગરા બોલે!
શિવાજીને નીંદરું ના'વે
માતા જીજાબાઈ ઝુલાવે.

પેટમાં પોઢીને સાંભળેલી બાળે
રામ-લખમણની વાત
માતાજીને મુખ જે દિ'થી
ઊડી એની ઊંઘ તે દિ'થી. – શિવાજીને૦

પોઢજો રે, મારાં બાળ!
પોઢી લેજો પેટ ભરીને આજ
કાલે કાળાં જુદ્ધ ખેલાશે
સૂવા ટાણું ક્યાંય નૈ રે'શે. – શિવાજીને૦

ધાવજો રે, મારાં પેટ!
ધાવી લેજો ખૂબ ધ્રપીને આજ
રે'શે નહિ, રણઘેલુડા!
ખાવા મૂઠી ધાનની વેળા. – શિવાજીને૦

પે'રી ઓઢી લેજો પાતળાં રે!
પીળાં લાલ પીરોજી ચીર
કાયા તારી લોહીમાં ના'શે
ઢાંકણ તે દિ' ઢાલનું થાશે. – શિવાજીને૦

ઘૂઘરા, ધાવણી, પોપટ-લાકડી
ફેરવી લેજો આજ!
તે દિ' તારે હાથ રે'વાની
રાતી બંબોળ ભવાની. – શિવાજીને૦

લાલ કંકુ કેરા ચાંદલા ને
ભાલે તાણજો કેસર-આડય
તે દિ' તો સિંદોરિયા થાપા
છાતી માથે ઝીલવા, બાપા. – શિવાજીને૦

આજ માતા ચોડે ચૂમીયું રે, બાળા!
ઝીલજો બેવડ ગાલ

~ સિંધુડો ~

તે દિ' તારાં મોઢડાં માથે
ધૂંવાધાર તોપ મંડાશે. – શિવાજીને૦

આજ માતાજીની ગોદમાં રે
તુંને હૂંફ આવે આઠ પો'ર
તે દિ' કાળી મેઘલી રાતે
વાયુ ટાઢા મોતના વાશે. – શિવાજીને૦

આજ માતા દેતી પાથરી રે
ફૂણાં ફૂલડાં કેરી સેજ
તે દિ' તારી વીર-પથારી
પાથરશે વીશ-ભુજાળી. – શિવાજીને૦

આજ માતાજીને ખોળલે રે
તારાં માથડાં ઝોલે જાય
તે દિ' તારે શિર ઓશીકાં
મેલાશે તીર-બંધૂકાં. – શિવાજીને૦

સૂઈ લેજે, મારા કેસરી રે!
તારી હિંદવાણું જોવે વાટ
જાગી વે'લો આવ, બાળુડા!
માને હાથ ભેટ બંધાવા.

જાગી વે'લો આવજે, વીરા!
ટીલું માના લોહીનું લેવા.
શિવાજીને નીંદરું ના'વે
માતા જીજાબાઈ ઝુલાવે.

ફાર્બસ ગુજરાતી સભા
300399
મુંબઈ ૪૦૦ ૦૦૪




~ શિવાજીનું હાલરડું ~

## ઊઠો!

ઊઠો, સાવજશૂરાની બેટડી! બાંધો કેશ, લૂછો અશ્રુધાર;
જોજો ઝૂઝે તમારા કંથડા, એના કામજો કીર્તિઅંબાર.

સાદ સુણી સમરાંગણના, દેવા પ્રાણ તણાં બલિદાન,
મૃત્યુના સિંધુ વલોવીને અમૃત કરવા સિધાવ્યા મેદાન રે:
બે'ની! બંકા આપણ ભરથાર. – ઊઠો૦

દુશ્મન કેરાં નોતરાં, બે'ની! બથ ભરી મળવા કાજ;
રક્તનાં કેસરછાંટણાં છંટાશે, ખેલાશે રસબસ રાસ રે:
કંઠે પે'રી આંતરડાંની માળ. – ઊઠો૦

કાળ તણી એ કચેરીઓમાં બેઠા પછી ન ઉઠાય;
કંથ કોડીલાનાં કાળાં કવચ ત્યાં તો રાતે શોણિતે રંગાય રે:
બાજે રણરંભાના ઠમકાર. – ઊઠો૦

અંતરની કાળી ઝાળો ઓલવવા કાળગંગાને ઘાટ,
નણદલવીર એ નીરમાં ન્હાતા ત્યાં સામસામી દૈ થપાટ રે:
ગાંડાતૂર જેવા ગજરાજ. – ઊઠો૦

જીતીને વળશે તો રંગે રમાડશું: મરશે તોયે શા ઉચાટ!
ખોળે પોઢાડીને ચડશું ચિતા માથે: હસતાં જાશું સુરવાટ રે:
એવા ઉગ્રભાગી અવતાર. – ઊઠો૦

## ઝંડાવંદન

તારે ક્યારે કૈંક દુલારે દિલનાં શોણિત પાયાં;
પુત્રવિજોગી માતાઓનાં નયનઝરણ ઠલવાયાં –
ઝંડા! અજર અમર રે'જે:
વધ વધ આકાશે જાજે.

તારે મસ્તક નવ મંડાઈ ગરુડ તણી મગરૂરી;
તારે ભાલ નથી આલેખ્યાં સમશિર–ખંજર–છૂરી –
ઝંડા! દીન કબૂતર-શો
ઉરે તુજ રેંટીડો રમતો.

જગ આખા પર આણ ગજવતી ત્રિશૂલવતી જળરાણી;
મહારાજ્યોના મદ પ્રબોધતી નથી તુજ ગર્વનિશાની –
ઝંડા! ગભરુ સંતોષી
વસે તુજ હૈયામાં ડોશી.

~ સિંધુડો ~

નહિ કિનખાબ-મુખમ્મલ-મશરૂ કેરી તારી પતાકા;
નહિ જરિયાની હીરભરતના ભભકા તુજ પર ટંક્યા –
ઝંડા! ભૂખરવો તોયે,
દિલો કોટિ તુજ પર મોહે!

પરભક્ષી ભૂતળ-નૌદળના નથી તુજ ધ્વજફફડાટા;
વનરમતાં નિર્બલ મૃગલાં પર નથી નથી શેરહુંકાટા –
ઝંડા! ઊડજે લહેરાતો:
વ્હાલના વીંઝણલા વાતો.

સપ્ત સિંધુની અંજલિ વહેતો સમીરણ તુજને ભેટે;
ખંડખંડની આશિષછોળો ઉદધિતરંગો છાંટે –
ઝંડા! થાકેલા જગનો
દીસે છે તું આશાદીવડો.

નીલ ગગનથી હાથ ઝુલાવી વિશ્વનિમંત્રણ દેતો:
પીડિત જનની બાંધવતાના શુભ સંદેશા કહેતો –
ઝંડા! કરજે જગતેડાં:
પ્રજા સઘળીના અહીં મેળા.

નીલ ગગનની નીલપ પીતી ઉન્નત તુજ આંખલડી;
અરુણ તણે કેસરિયે અંજન બીજી મીટ મદીલી –
ઝંડા! શશી-દેવે સીંચી,
ત્રિલોચન! ધવલ આંખ ત્રીજી.

એ ત્રણ આંખ ભરી તેં દીઠાં તુજ ગૌરવ-રખવાળાં;
શ્રીફળના ગોટા સમ ફૂટ્યાં ફટફટ શીશ સુંવાળાં –
ઝંડા! સાહિદ રહેજે, હો!
અમારા મૂંગા ભોગ તણો.

કુમળાં બાળ, કિશોર, બુઝર્ગો – સહુ તુજ કાજે ધાયાં,
નર-નારી નિર્ધન-ધનવંતો – એ સબ ભેદ ભુલાયા;
ઝંડા! સાહિદ રહેજે, હો!
રુધિરનાં બિન્દુ બિન્દુ તણો.

કો માતાના ખાલી ખોળે આજ બન્યો તું બેટો;
કપાળનાં કંકુડાં હારી તેને પણ બળ દેતો –
ઝંડા! સાહિદ રહેજે, હો!
હજારો છાનાં સ્વાર્પણનો.

તુજને ગોદ લઈ સૂનારાં મેં દીઠાં ટાબરિયાં;
તારાં ગીત તણી મસ્તીમાં ભૂખ-તરસ વીસરિયાં –
ઝંડા! કામણ શાં કરિયાં!
ફિદા થઈ તુજ પાછળ ફરિયાં.

આજ સુધી અમ અવળી ભક્તિ: જૂઠા ધ્વજ પર ધાયાં;
રક્તપિપાસુ રાજકુલોના નેજા કાજ કપાયાં –
ઝંડા! નિમકહલાલીનું
હતું એ કૂડ-બિરદ જૂનું.

પંથ પંથ ને દેવ દેવની પૂજી ધજા નિરાળી;
એ પૂજન પર શીશ કપાવ્યાં: હાય! કથા એ કાળી –
ઝંડા! વીત્યા યુગ એવા,
સકલ વંદનનો તું દેવા.

તું સાચું અમ કલ્પતરુવર: મુક્તિફળ તુજ ડાળે;
તારી શીત સુગંધ નથી કો માનસ-સરની પાળે –
ઝંડા! જુગ જુગ પાંગરજે;
સુગંધી ભૂતલ પર ભરજે!

રાષ્ટ્ર-દેવના ઘુમ્મટ ઉપર ગહેરે નાદ ફરુકે;
સબ ધર્મોના એ રક્ષકને સંતનૃપાલો ઝૂકે –
ઝંડા! આજ ન જે નમશે,
કાલ તુજ ધૂલિ શિર ધરશે!

આઠે પહોર હુંકારા કરતો જાગ્રત રહે, ઉમંગી!
સાવધ રહેજે, પહેરો દેજે, અમે ન રહીએ ઊંઘી –
ઝંડા! સ્વરાજના સંત્રી!
રહો તુજ ઝાલર રણઝણતી!

1931. આ ગીત એના માપને હિસાબે 'કોઈનો લાડકવાયો' જેવું જ છે. પરંતુ તેને ગાવાનો ઢાળ છેક જ નિરાળો નિર્મિત થયેલો છે. એ ઢાળ જોશીલો અને વેગભર્યો હોઈ એમાં પરોવાયેલા શબ્દો પણ અમુક તાલ તેમજ વિક્રમશીલ ગતિને હિસાબે જ સ્વીકાર પામ્યા છે.

## આગે કદમ

આગે કદમ! આગે કદમ! આગે કદમ!
યારો! ફનાના પંથ પર આગે કદમ!

આગે કદમ: પાછા જવા રસ્તો નથી;
રોકાઓ ના – ધક્કા પડે છે પીઠથી;

રોતાં નહિ – ગાતાં ગુલાબી તૉરથી:
આગે કદમ! આગે કદમ! આગે કદમ!

બેસી જનારા! કોણ દેશે બેસવા!
આ હર ઘડી સળગી રહ્યાં યુદ્ધો નવાં;
આશા ત્યજો આરામ-સેજે લેટવા:
આગે કદમ! આગે કદમ! આગે કદમ!

આગે કદમ: દરિયાવની છાતી પરે,
નિર્જળ રણે, ગાઢાં અરણ્યે, ડુંગરે;
પંથે ભલે ઘન ઘૂઘવે કે લૂ ઝરે:
આગે કદમ! આગે કદમ! આગે કદમ!

રહેશે અધૂરી વાટ, ભાતાં ખૂટશે;
પડશે ગળામાં શોષ, શક્તિ તૂટશે;
રસ્તે, છતાં, ડૂકી જવાથી શું થશે?
આગે કદમ! આગે કદમ! આગે કદમ!

આવે ન આવે સાથીઓ સાથે છતાં,
ધિક્કાર, બદનામી, બૂરાઈ વેઠતાં,
વૈરીજનોનાં વૈરનેયે ભેટતાં:
આગે કદમ! આગે કદમ! આગે કદમ!

ક્યાં ઊભશો! નીચે તપે છે પથ્થરો:
બાહેર શીતળ, ભીતરે લાવા ભર્યો;
અંગાર ઉપર ફૂલડાં શીદ પાથરો!
આગે કદમ! આગે કદમ! આગે કદમ!

આ તો બધા છેલ્લા પછાડા પાપના;
હોશે ખતમ –, જો, ભાઈ, ઝાઝી વાર ના!
પૂરી થશે તારીય જીવનયાતના:
આગે કદમ! આગે કદમ! આગે કદમ!

જ્વાલામુખીના શૃંગ ઉપર જીવવા
તેં આદરી પ્યારી સફર, ઓ નૌજવાં!
માતા તણે મુક્તિ-કદંબે ઝૂલવા:
આગે કદમ! આગે કદમ! આગે કદમ!

આગે કદમ! આગે કદમ! આગે કદમ!
યારો! ફનાના પંથ પર આગે કદમ!

## ઓતરાદા વાયરા, ઊઠો!

ઓતરાદા વાયરા, ઊઠો ઊઠો હો તમે –
ઓતરાદા વાયરા, ઊઠો!

કૈલાસી કંદરાની રૂપેરી સોડ થકી
ઓતરાદા વાયરા, ઊઠો!

ધૂણન્તાં શિવ-જોગમાયાને ડાકલે
હાકલ દેતા, હો વીર, ઊઠો!

ભીડ્યા દરવાજાની ભોગળ ભાંગીને તમે
પૂરપાટ ઘોડલે છૂટો! – ઓતરાદા૰

ધરતીના દેહ પરે ચડિયા છે પુંજ પુંજ
સડિયેલાં ચીર, ધૂળ, કૂથો;
જોબનનાં નીર મહીં જામ્યાં શેવાળ-ફૂગ:
ઝંઝાના વીર, તમે ઊઠો! – ઓતરાદા૰

કોહેલાં પાંદ-ફૂલ ફેંકી નાખો રે, ભાઈ!
કરમાતી કળીઓને ચૂંટો;
થોડી ઘડી વાર ભલે બુઝાતા દીવડા:
ચોર-ધાડપાડ ભલે લૂંટો! – ઓતરાદા૰

છો ને છુંદાય મારી કૂણેરી કૂંપળો:
સૂસવતી શીત લઈ છૂટો;
મૂર્છિત વનરાજિનાં ઢંઢોળો માથડાં,
ચીરો ચમકાટ એનો જૂઠો! – ઓતરાદા૰

ઊઠો, કદરૂપ! પ્રેતસૃષ્ટિના રાજવી!
ફરી એક વાર ભાંગ ઘૂંટો:
ભૂરિયાં લટૂરિયાંની આંધીઓ ઉરાડતા
હુહુકાર-સ્વરે કાળ, ઊઠો! – ઓતરાદા૰

કવિઓના લાડકડા મલયાનિલ મંદ મંદ!
રહેજે ચંદનની ગોદ સૂતો;
નથી નથી પર્વ પુષ્પધન્વાનું આજ: ઘોર
વિપ્લવના ઢોલડા ધડૂકો! – ઓતરાદા૰

1934. બેસતા વર્ષને દિવસે રચાયું. કાર્તિક-માગશરથી પવન પલટાઈને ઉત્તર-દક્ષિણ વહે છે, વિશુદ્ધીકરણની પાનખર ઋતુ મંડાય છે. નવરચનાને કારણે જીવનવાયરા પણ એવા જ સૂસવતા ને સંહારક જોઈએ છે.

# કોઈનો લાડકવાયો

[ઢાળ: મરાઠી સાખીનો]

રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે,
કેસરવરણી સમરસેવિકા કોમલ સેજ બિછાવે:
ઘાયલ મરતાં મરતાં રે
માતની આઝાદી ગાવે.

કો'ની વનિતા, કો'ની માતા, ભગિની ટોળે વળતી,
શોણિતભીના પતિ-સુત-વીરની રણશય્યા પર લળતી,
મુખથી ખમા ખમા કરતી
માથે કર મીઠો ધરતી.

થોકે થોકે લોક ઊમટતા રણજોદ્ધા જોવાને,
શાહબાશીના શબદ બોલતા પ્રત્યેકની પિછાને:
નિજ ગૌરવ કેરે ગાને
જખ્મી જન જાગે અભિમાને.

સહુ સૈનિકનાં વહાલાં જનનો મળિયો જ્યાં સુખમેળો,
છેવાડો ને એકલવાયો અબોલ એક સૂતેલો:
અણપૂછ્યો અણપ્રીછેલો
કોઈનો અજાણ લાડીલો.

એનું શિર ખોળામાં લેવા કોઈ જનેતા ના'વી,
એને સીંચણ તેલ-કચોળાં નવ કોઈ બહેની લાવી:
કોઈના લાડકવાયાની
ન કોઈએ ખબરે પુછાવી.

ભાલે એને બચીઓ ભરતી લટો સુંવાળી સૂતી,
સનમુખ ઝીલ્યા ઘાવો મહીંથી ટપટપ છાતી ચૂતી:
કોઈના લાડકવાયાની
આંખડી અમૃત નીતરતી.

કોઈના એ લાડકવાયાનાં લોચન લોલ બિડાયાં,
આખરની સ્મૃતિનાં બે આંસુ કપોલ પર ઠેરાયાં:
આતમ-દીપક ઓલાયા,
ઓષ્ઠનાં ગુલાબ કરમાયાં.

કોઈના એ લાડકડા પાસે હળવે પગ સંચરજો,
હળવે એના હૈયા ઉપર કર-જોડામણ કરજો:
પાસે ધૂપસળી ધરજો,
કાનમાં પ્રભુપદ ઉચ્ચરજો!

~ કોઇનો લાડકવાયો ~

વિખરેલી એ લાડકડાની સમારજો લટ ધીરે,
એને ઓષ્ઠ-કપોલે-ભાલે ધરજો ચુંબન ધીરે:
સહુ માતા ને ભગિની રે!
ગોદ લેજો ધીરે ધીરે!

વાંકડિયાં એ જુલ્ફાંની મગરૂબ હશે કો માતા,
એ ગાલોની સુધા પીનારા હોઠ હશે બે રાતા:
રે! તમ ચુંબન ચોડાતાં
પામશે લાડકડો શાંતા.

એ લાડકડાની પ્રતિમાનાં છાનાં પૂજન કરતી,
એની રક્ષા કાજ અહર્નિશ પ્રભુને પાયે પડતી,
ઉરની એકાન્તે રડતી
વિજોગણ હશે દિનો ગણતી.

કંકાવટીએ આંસુ ઘોળી છેલ્લું તિલક કરંતા,
એને કંઠ વીંટાયા હોશે કર બે કંકણવંતા:
વસમાં વળામણાં દેતા,
બાથ ભીડી બે પળ લેતા.

એની કૂચકદમ જોતી અભિમાનભરી મલકાતી,
જોતી એની રુધિર-છલકતી ગજ ગજ પહોળી છાતી,
અધબીડ્યાં બારણિયાંથી
રડી કો હશે આંખ રાતી.

એવી કોઈ પ્રિયાનો પ્રીતમ આજ ચિતા પર પોઢે,
એકલડો ને અણબૂઝેલો અગન-પિછોડી ઓઢે:
કોઈના લાડકવાયાને
ચૂમે પાવકજ્વાલા મોઢે.

એની ભસ્માંકિત ભૂમિ પર ચણજો આરસ-ખાંભી,
એ પથ્થર પર કોતરશો નવ કોઈ કવિતા લાંબી;
લખજો: 'ખાક પડી આંહીં
કોઈના લાડકવાયાની.'

1930. કારાવાસમાં. સાબરમતી જેલમાં અબ્બાસ સાહેબની વિદાયની સાંજરે સ્નેહ-સંમેલનમાં શ્રી દેવદાસ ગાંધીએ જૂની રૉયલ રીડરમાંથી મેરી લા કોસ્ટે નામનાં કોઈ અજાણ બાઈનું રચેલું કાવ્ય 'સમબડીઝ ડાર્લિંગ' વાંચી સંભળાવેલું. તેણે પેદા કરેલા મંથનનું પરિણામ. અત્યારના આપણા સમયને અનુરૂપ ભાવ આપેલો છે. મારી આંખોનાં ખીલ ઠોલાવેલાં તે દિવસે જ લગભગ આંધળા આંધળા લખેલું હતું. મારું ઘણું જ લાડકવાયું ગીત, મારા કંઠના મુકરર સૂરોમાંથી જ ઉદ્‌ભવેલું અને એ જ સૂરો વડે સતત સીંચાયેલું, તેને જ્યારે હું કાલીંગડા અને મરાઠી સાખીના મૂળ સૂરને બદલે ભૈરવીમાં ગવાયેલું સાંભળું છું, ત્યારે મારું પ્રિય સંતાન રિબાતું હોવાની વેદના મને થાય છે.

— સિંધુડો —

# વિદાય

[ઢાળ: 'હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ']

અમારે ઘર હતાં, વ્હાલાં હતાં, ભાંડું હતાં, ને
પિતાની છાંય લીલી, ગોદ માતાની હતીયે;
ગભૂડી બ્હેનના આંસુભીના હૈયાહિંચોળે
અમારાં નેન ઊનાં ઝંપતાં આરામ-ઝોલે.

બધી માયા-મહોબ્બત પીસતાં વર્ષો વીતેલાં,
કલેજાં ફૂલનાં, અંગાર સમ કરવાં પડેલાં;
ઉખેડ્યા જે ઘડી છાતી થકી નિઃશ્વાસ છેલ્લા,
અમારે રોમ-રોમેથી વહ્યા'તા રક્તરેલા.

સમય નો'તો પ્રિયાને ગોદ લૈ આલિંગવાનો,
સમય નો'તો શિશુના ગાલ પણ પંપાળવાનો,
સમય નવ માવડીને એટલું કહેતાં જવાનો:
'ટપકતા આંસુને, ઓ મા! સમજજો બાળ નાનો.'

અહોહો! ક્યાં સુધી પાછળ અમારી આવતી'તી
વતનની પ્રીતડી! મીઠે સ્વરે સમજાવતી'તી,
ગળામાં હાથ નાખી ગાલ રાતા ચૂમતી'તી,
'વળો પાછા!' વદીને વ્યર્થ વલવલતી જતી'તી.

બિરાદર નૌજવાં! અમ રાહથી છો દૂર રે'જે,
અમોને પંથભૂલેલા ભલે તું માની લેજે;
કદી જો હમદિલી આવે, ભલે નાદાન કે'જે;
'બિચારા' ફ્રૈશ ના – લાખો ભલે ધિક્કાર દેજે!

ઓ દોસ્તો! દરગુજર દેજો દીવાના બાંધવોને;
સબૂરી ક્યાંય દીઠી છે કલેજે આશકોને?
દિલે શું શું જલે – દેખાડીએ દિલઆહ કોને?
અમારી બેવકૂફીયે કદી સંભારશોને?

અગર બહેતર, ભૂલી જાજો અમારી યાદ ફાની!
બૂરી યાદે દુભવજો ના સુખી તમ જિન્દગાની;
કદી સ્વાધીનતા આવે – વિનંતી, ભાઈ, છાની:
અમોનેયે સ્મરી લેજો જરી, પળ એક નાની!

~ વિદાય ~

# છેલ્લો કટોરો

[ગોળમેજી પરિષદમાં જતી વેળા ગાંધીજીને]

છેલ્લો કટોરો ઝેરનો આ: પી જજો, બાપુ!
સાગર પીનારા! અંજલિ નવ ઢોળજો, બાપુ!
અણખૂટ વિશ્વાસે વહ્યું જીવન તમારું:
ધૂર્તો-દગલબાજો થકી પડિયું પનારું:
શત્રુ તણે ખોળે ઢળી, સુખથી સૂનારું:
આ આખરી ઓશીકડે શિર સોંપવું, બાપુ!
કાપે ભલે ગર્દન! રિપુ-મન માપવું, બાપુ!

સુર-અસુરના આ નવયુગી ઉદધિ-વલોણે,
શી છે ગતાગમ રત્નના કામી જનોને?
તું વિના, શંભુ! કોણ પીશે ઝેર દોણે!
હૈયા લગી ગળવા ગરલ ઝટ જાઓ રે, બાપુ!
ઓ સૌમ્ય-રૌદ્ર! કરાલ-કોમલ! જાઓ રે, બાપુ!

કહેશે જગત: જોગી તણા શું જોગ ખૂટ્યા?
દરિયા ગયા શોષાઈ? શું ઘન-નીર ખૂટ્યાં?
શું આભ સૂરજ-ચંદ્રમાનાં તેલ ખૂટ્યાં?
દેખી અમારાં દુઃખ નવ અટકી જજો, બાપુ!
સહિયું ઘણું, સહીશું વધુ: નવ થડકજો, બાપુ!

ચાબુક, જપ્તી, દંડ, ડંડા મારના,
જીવતાં કબ્રસ્તાન કારાગારનાં,
થોડાઘણા છંટકાવ ગોળીબારના –
એ તો બધાંય જરી ગયાં, કોઠે પડ્યાં, બાપુ!
ફૂલ સમાં અમ હૈડાં તમે લોઢે ઘડ્યાં, બાપુ!

શું થયું – ત્યાંથી ઢીંગલું લાવો–ન લાવો!
બોસા દઈશું – ભલે ખાલી હાથ આવો!
રોપશું તારે કંઠ રસબસતી ભુજાઓ!
દુનિયા તણે મોંયે જરી જઈ આવજો, બાપુ!
હમદર્દીના સંદેશડા દઈ આવજો, બાપુ!

જગ મારશે મે'ણાં: ન આવ્યો આત્મજ્ઞાની!
ના'વ્યો ગુમાની – પોલ પોતાની પિછાની!
જગપ્રેમી જોયો! દાઝ દુનિયાની ન જાણી!
આજાર માનવ-જાત આકુલ થઈ રહી, બાપુ!
તારી તબીબી કાજ એ તલખી રહી, બાપુ!

~ સિંધુડો ~

જા, બાપ! માતા આખલાને નાથવાને,
જા વિશ્વહત્યા ઉપરે જળ છાંટવાને,
જા સાત સાગર પાર સેતુ બાંધવાને –

ઘનઘોર વનની વાટને અજવાળતો, બાપુ!
વિકરાળ કેસરિયાળને પંપાળતો, બાપુ!
ચાલ્યો જજે! તુજ ભોમિયો ભગવાન છે, બાપુ!
છેલ્લો કટોરો ઝેરનો પી આવજે, બાપુ!

1931. ગાંધીજી ગોળમેજી પરિષદમાં જવા નીકળ્યા ત્યારે તેમને કરેલું સંબોધન. 'સૌરાષ્ટ્ર'નો પહેલો ફરમો ગુરુવારે સાંજે ચડતો. એ ગુરુવાર હતો. ગીત છેલ્લા કલાકમાં જ રચાયું. ભાઈ અમૃતલાલ શેઠે 'બંધુ' 'બંધુ' શબ્દોને સ્થાને 'બાપુ' 'બાપુ' શબ્દો સૂચવ્યા. ગીત એમને બહુ જ ગમ્યું. ગાંધીજી શનિવારે તો ઊપડવાના હતા. અમૃતલાલભાઈએ આર્ટ-કાર્ડ બોર્ડ પર એની જુદી જ પ્રતો કઢાવી તે જ સાંજે મુંબઈ રવાના કરી – સ્ટીમર પર ગાંધીજીને પહોંચતી કરવા માટે. બંદર પર આ વહેંચાયું ત્યારે રમૂજી ઇતિહાસ બની ગયો. કેટલાંક પારસી બહેનોને ઝેર, કટોરો વગેરેનાં રૂપકો પરથી લાગ્યું કે ગાંધીજીને માટે ઘસાતું કહેવાતું આ ક્રૂર કટાક્ષ-ગીત છે. એમનાં હૃદયો દુભાયાં. તરત જ એક ગુજરાતી સ્નેહી બહેને કાવ્યનો સાચો ભાવ સ્પષ્ટ કર્યો ત્યારે પેલાં બહેનોનાં હૃદય આનંદિત બની ઊઠ્યાં.

*"ઢૂંડીબંધ તારો અને કાગળો આવેલા તે [આગબોટમાં] વાંચવા માંડ્યા. ...મેઘાણીનો 'છેલ્લો કટોરો' [વાંચીને] બાપુ કહે, 'મારી સ્થિતિનું આમાં વર્ણન થયું છે તે તદ્દન સાચું છે.' કાવ્ય વાંચતા તો જાણે મેઘાણીનો આત્મા ગાંધીજીના છેલ્લા પંદર દિવસનો સતત સાક્ષી રહ્યો હોય એમ પ્રતીત થાય છે... જાણે મેઘાણીજીએ ક્યાંક છુપાઈને – અંધારપછેડો ઓઢીને – જોયા કીધું હોય એમ લાગે છે." [મહાદેવ દેસાઈ]*

## માતા, તારો બેટડો આવે!

['શિવાજીનું હાલરડું'નો ઢાળ]

માતા! તારો બેટડો આવે :
આશાહીન એકલો આવે.
જો જો! મારો બેટડો આવે :
સંદેશાઓ ખેપિયા લાવે.

જ્વાળામુખી એને કાળજે રે, એની આંખમાં અમૃતધાર –
એવો કોઈ માનવી આવે :
ભેળાં કાળ-નોતરાં લાવે. – માતા૦

સૂતો રે હોય તો જાગજે, સાયર! ઘેર આવે પ્રાણાધાર,
હૈયે તારે બાંધ હિંડોળા :
મોભી મારો ખાય બે ઝોલા. – માતા૦

ધૂળરોળાણા એ મુખ માથે, વીરા, છાંટજે શીતળ છોળ,
પ્રેમેથી પાહુલિયા ધોજે!
આછે આછે વાયરે લ્હોજે! – માતા૦

તારા જેવાં એના આતમાનાં ગેબી હિમ, અગાધ ઊંડાણ;
ત્યાંયે આજે આગ લાગી છે :
ધુંવાધાર તોપ દાગી છે. – માતા૦

સાત સિંધુ તમે સામટા રે – એની ઓલવાશે નહિ ઝાળ,
ઠાલાં નવ ઢોળશો પાણી!
ના ના એની વેદના નાની. – માતા૦

કોટકોટાન હુતાશ જલે તારા હૈયાની માંહી, ઓ આભ!
**એવી** ક્રોડ આપદા ધીકે,
**છાની** એની છાતડી નીચે. – માતા૦

**માનતાં'તાં કૂડાં** માનવી રે એને ફોસલાવી લેવો સે'લ!
પારાધીનાં પિંજરાં ખાલી :
હંસો મારો નીકળ્યો હાલી. – માતા૦

ઘોર અંધારી એ રાતમાં રે બીજાં બાળ ઘોરાણાં તમામ;
આઠે પો'ર જાગતી આંખે
બેઠો તું તો દીવડે ઝાંખે. – માતા૦

બૂડ્યા બૂડ્યા બીજા ઘેલડા રે માયામોહ કેરે પારાવાર,
બેટા! તું તો પોયણું નાનું :
ઊભું એક અણભીંજાણું. – માતા૦

પોતાના પ્રાણપિપાસુઓનાં તેં તો ખોળલે ખેલાવ્યાં બાળ;
ચૂમી ચૂમી છાતીએ ચાંપ્યાં :
બંધુતાના બોલડા આપ્યા. – માતા૦

રોમેરોમે તારે દાંત ભીંસી ઝેરી કરડ્યા કાળુડા નાગ;
ડંખે ડંખે દૂધની ધારા
રેલી તારા દેહથી, પ્યારા! – માતા૦

ચીર પાંચાળીનાં ખેંચવામાં નો'તા પાંડવોએ દીધા હાથ;
આજે અધિકાઈ મેં દેખી :
બેટાઓએ માતને પીંખી! – માતા૦

~ સિંધુડો ~

એકલો તું આડા હાથ દેતો ઊભો દોખિયાંને દરબાર;
તારી એ અતાગ સબૂરી
શોષી લીધી વેરીએ પૂરી. – માતા૦

કૂડ પીધાં, હીણમાન પીધાં, પીધાં ઘોળી દગાવાળાં દૂધ;
કડકડતાં તેલ તેં પીધાં :
ગાળી ગાળી લોહ પણ પીધાં. – માતા૦

ગોપવીને છાના ઘાવ કલેજાના રાખજે ખૂબ ખામોશ!
વાવાઝોડાં કાળનાં વાશે,
તે દી તારી વાટ જોવાશે. – માતા૦

કંપશે સાત પાતાળ, આભે જાતા ઝીંકશે સાયર લોઢ;
ખંડેખંડ બોળશે લાવા :
ભૂકમ્પોના ગાજશે પાવા. – માતા૦

'ધાઓ ધાઓ, ધેનુપાળ!' તેવા તે દી ઊઠશે હાહાકાર,
શાદૂળા ને સાંઢ માતેલા
ઢૂંગે ઢૂંગે ભાગશે ભેળા. – માતા૦

ભાઈ વિદેશીડા! વીનવું રે — એને રોકશો મા ઝાઝી વાર;
બેઠી હું તો દીવડો બાળું :
ક્યારે એના ગાલ પંપાળું! – માતા૦

તારી કમાઈ-ગુમાઈનો મારે માગવો નો'ય હિસાબ;
બેટા! તારી ખાકની ઝોળી
માતા કેરે મન અમોલી. – માતા૦

## છેલ્લી સલામ

[ઢાળ: 'ભૂલ્યો રે ભૂલ્યો રાજા સત રે ગોપીચંદણ' – એ ભજનનો]

સો સો રે સલામું મારાં ભાંડુડાંને કે'જો રે,
ઝાઝેરા જુહાર જગને દેજો હો...જી!
મળાયું ન તેને સહુને માફામાફ કે'જો, નેં
રુદિયામાં રાખી અમને રે'જો હો...જી!

ટીપેટીપે શોણિત મારાં તોળી તોળી આપું તોયે,
પૂરાં જેનાં પ્રાછત કદીયે જડશે ન જી –
એવા પાપ-દાવાનલમાં જલે છે જનેતા મારી,
દિલડાના ડુંગર સળગ્યા – ઠરશે ન જી!
– સો સો રે સલામું૦

કીધાં ખાખ ખાંડવવનને[1] પાંડુ તણા પુત્રે તે દી
નિરદોષી નાગાં લાખો ભુંજાણાં હો...જી:
આદુનાં નિવાસી એ તો આ રે આર્યભોમ કેરાં,
પૂર્વજ મારાને પાપે ઓરાણાં હો...જી.
– સો સો રે સલામું૦

રઘુપતિ[2] રામ મારા રુદાનો વિસામો – એણે
ઋષિઓને વચને ખાધેલ ખોટ્યું હો...જી:
પ્રભુનામ ભજતો એણે પારાધી સંહારિયો રે
એનું ઘોર પાતક આજે ઊમટ્યું હો...જી!
– સો સો રે સલામું૦

છેદ્યાં, બાળ્યાં, ગારદ કીધાં પૃથવીના પેટમાં, ને
અસુરો કહીને કાઢ્યા વનવાસ જી:
જીવતાંને કાજે જુદી નરકું બંધાવિયું, ને
સદાનાં નરાધમ રાખ્યાં દાસીદાસ જી.
– સો સો રે સલામું૦

સમર્થોની સત્તા, સંતો, ધુતારાની ધૂતણબાજી,
કૂડિયા ગુરુની કૈં કૈં કરામાત જી:
એની[3] તો વણાવી ધીંગી ધરમધજાઓ, એને
ભાંડું કેરે રગતે રંગી ભલી ભાત જી.
– સો સો રે સલામું૦

એવી એવી ઝડીઓ મારાં સહોદરો ઝીલતાં, ને
ધરમધજા કેરે ક્યારે સિંચાણાં હો...જી:
રુદામાં શમાવી સરવે રુદનપિયાલા, વા'લાં
હરિ કેરા રથડા હેઠળ પિલાણાં હો...જી.
– સો સો રે સલામું૦

રથના સારથિડા – સુણજો, સાધુ ને ગુંસાઈ સરવે,
કડાકા કરે છે રથની ધરીઓ હો...જી:
જુઓ જુઓ જુગનો ભેરવ ઊભો વાટ ખાળી આજે,
ભીતર તો નિહાળો: હરિ ક્યાં પળિયો હો...જી.
– સો સો રે સલામું૦

જુગનો મહારાજા આજે મહાકાળ જાગિયો, ને
ધરમ કેરા ધારણ-કાંટા માંડે હો...જી:
સંતને ત્રાજવડે[4] મારાં કલેજાં ચડાવિયાં મેં,
શીશ તો નમાવ્યું શાસનદંડે હો...જી.
– સો સો રે સલામું૦

~ સિંધુડો ~

હરિ કેરાં તેડાં અમને – આવી છે વધામણી રે,
દલિતોને ઉત્સવ હાકલ પડી છે હો...જી;
હસતાં મુખડાંની અમને વિદાયું દિયો રે, વા'લાં!
રખે કોઈ રોકે નયણાં રડીને હો...જી!
– સો સો રે સલામું₀

1 અર્જુને ખાંડવવન સળગાવીને સર્પોને નહિ, પણ 'નાગ' નામની અનાર્ય માનવજાતિને ભસ્મીભૂત કરી હતી – કેવળ એ આદિ-નિવાસીઓનો પ્રદેશ પચાવી પાડવા સારુ જ. 2 બ્રાહ્મણે આવીને રામચંદ્ર પાસે પોકાર કર્યો કે શમ્બૂક નામના એક શૂદ્રે તપશ્ચર્યા માંડી છે તે કારણે મારો પુત્ર મૃત્યુ પામે છે! તે પરથી રામચંદ્રે એ તપસ્વીનો શિરચ્છેદ કર્યો હતો. 3 આ બધા જુલમો ધર્મને નામે થઈ રહેલ છે – એ ભાવાર્થ. 4 મહાત્માજીના શબ્દો: 'આઈ હેવ લેઇડ ડાઉન માય લાઇફ ઇન ધ સ્કેઇલ્સ ઑફ જસ્ટિસ'.

બ્રિટિશ મહાસચિવના કોમી ચુકાદા સામે ગાંધીજીએ યરોડા જેલમાં અનશન વ્રત લીધું ત્યારે.

## ફૂલમાળ

[ઢાળ: 'તોળી રાણી! તમે રે ચંપો ને અમે કેળ્ય']

વીરા મારા! પંચ રે સિંધુને સમશાન,
રોપાણાં ત્રણ રૂખડાં[1] હો...જી;
વીરા! એની ડાળિયું અડી આસમાન:
મુગતિનાં ઝરે ફૂલડાં હો...જી.

વીરા! તારાં ફૂલ રે સરીખડાં શરીર:
ઇંધણ તોય ઓછાં પડ્યાં[2] હો...જી;
વીરા મારા! સતલજ નદીને તીર,
પિંજર પૂરાં નો બળ્યાં હો...જી.

વીરા! તારી ચિતામાં ધખધખતી વરાળ
નવ નવ ખંડે લાગિયું હો...જી;
વીરા! તારી નહિ રે જંપે પ્રાણઝાળ:
ઠારેલી ભલે ટાઢિયું હો...જી.

વીરા! તારા પંથડા વિજન ને અઘોર:
ઓરાણો તું તો આગમાં હો...જી;
વીરા! તારાં વસમાં જિગરનાં જોર:
લાડકડા! ખમા ખમા હો...જી.

વીરા! તારે મુખડલે માતાજી કેરાં દૂધ,
ધાવેલાં હજી ફોરતાં હો...જી;

વીરા! એવી બાળુડી ઉંમરમાં ભભૂત,
જાણ્યું તેં, જોગી, ચોળતાં હો...જી.
વીરા! તારા ગગને ઊછળતા ઉલ્લાસ,
દુનિયાથી દૂરે દોડવા હો...જી;
વીરા! તારે અચળ હતા વિશ્વાસ,
જનમીને ફરી આવવા હો...જી.
વીરા! તારે નો'તા રે દોખી[3] ને નો'તા દાવ[4]
તરસ્યોયે નો'તો રક્તનો હો...જી.
વીરા! તારી છાતીએ છલ્યો ભવ્ય ભાવ,
માભૂમિ કેરા ભક્તનો હો...જી.
વીરા! એ તો ફાંસી રે નહિ, ફૂલમાળ:
પે'રીને પળ્યો પોંખણે હો...જી;
વીરા! તારું વદન હસે ઊજમાળ,
સ્વાધીનતાને તોરણે હો...જી.

1 ત્રણ રૂખડાં=ત્રણ વૃક્ષો: ત્રણ જણાને ફાંસી આપી સતલજ નદીને કિનારે બાળેલા. 2 'ઇંધણ તોય ઓછાં પડ્યાં.... પિંજર પૂરાં નો બળ્યાં'=ઘાસલેટ છાંટીને બાળ્યા છતાં તેમનાં મૃતદેહનું પૂરું દહન ન થયું હોવાની ફરિયાદ હતી. 3 દોખી=દુશ્મન. 4 દાવ= વિરોધી.

સ્વ૰ ભગતસિંહને ફાંસી અપાઈ તેની વેદનાને વહેતું ભજન.

## ચારણ-કન્યા

સાવજ ગરજે!
વનરાવનનો રાજા ગરજે
ગીરકાંઠાનો કેસરી ગરજે
ઐરાવતકુળનો અરિ ગરજે
કડ્ય પાતળિયો જોદ્ધો ગરજે
મોં ફાડી માતેલો ગરજે
જાણે કો જોગંદર ગરજે
નાનો એવો સમદર ગરજે!
ક્યાં ક્યાં ગરજે?
બાવળનાં જાળાંમાં ગરજે
ડુંગરના ગાળામાં ગરજે
કણબીના ખેતરમાં ગરજે
ગામ તણા પાદરમાં ગરજે
~ સિંધુડો ~

નદીઓની ભેખડમાં ગરજે
ગિરિઓની ગોહરમાં ગરજે

ઊગમણો આથમણો ગરજે
ઓરો ને આઘેરો ગરજે

થર થર કાંપે!

વાડામાં વાછડલાં કાંપે
કૂબામાં બાળકડાં કાંપે

મધરાતે પંખીડાં કાંપે
ઝાડ તણાં પાંદડલાં કાંપે

પહાડોના પથ્થર પણ કાંપે
સરિતાઓનાં જળ પણ કાંપે

સૂતાં ને જાગંતાં કાંપે
જડ ને ચેતન સૌએ કાંપે

આંખ ઝબૂકે!

કેવી એની આંખ ઝબૂકે!

વાદળમાંથી વીજ ઝબૂકે
જોટે ઊગી બીજ ઝબૂકે

જાણે બે અંગાર ઝબૂકે
હીરાના શણગાર ઝબૂકે

જોગંદરની ઝાળ ઝબૂકે
વીર તણી ઝંઝાળ ઝબૂકે

ટમટમતી બે જ્યોત ઝબૂકે
સામે ઊભું મોત ઝબૂકે

જડબાં ફાડે!

ડુંગર જાણે ડાચાં ફાડે!
જોગી જાણે ગુફા ઉઘાડે!

જમરાજાનું દ્વાર ઉઘાડે!
પૃથ્વીનું પાતાળ ઉઘાડે!

બરછી સરખા દાંત બતાવે
લસ! લસ! કરતી જીભ ઝુલાવે.

બહાદર ઊઠે!

બડકંદાર બિરાદર ઊઠે

ફરસી લેતો ચારણ ઊઠે
ખડગ ખેંચતો આહીર ઊઠે

બરછી ભાલે કાઠી ઊઠે
ઘર ઘરમાંથી માટી ઊઠે

ગોબો હાથ રબારી ઊઠે
સોટો લઈ ઘરનારી ઊઠે

ગાય તણા રખવાળો ઊઠે
દૂધમલા ગોવાળો ઊઠે

મૂછે વળ દેનારા ઊઠે
ખોંખારો ખાનારા ઊઠે

માનું દૂધ પીનારા ઊઠે
જાણે આભ મિનારા ઊઠે!

ઊભો રે'જે!

ત્રાડ પડી કે ઊભો રે'જે!
ગીરના કુત્તા ઊભો રે'જે!
કાયર દુત્તા ઊભો રે'જે!

પેટભરા! તું ઊભો રે'જે!
ભૂખમરા! તું ઊભો રે'જે!

ચોર-લૂંટારા ઊભો રે'જે!
ગા-ગોઝારા ઊભો રે'જે!

ચારણ-કન્યા!

ચૌદ વરસની ચારણ-કન્યા
ચૂંદડિયાળી ચારણ-કન્યા
શ્વેતસુંવાળી ચારણ-કન્યા

બાળી ભોળી ચારણ-કન્યા
લાલ હીંગોળી ચારણ-કન્યા

ઝાડ ચડંતી ચારણ-કન્યા
પહાડ ઘુમંતી ચારણ-કન્યા

જોબનવંતી ચારણ-કન્યા
આગ-ઝરંતી ચારણ-કન્યા

નેસ-નિવાસી ચારણ-કન્યા
જગદમ્બા-શી ચારણ-કન્યા

~ સિંધુડો ~

ડાંગ ઉઠાવે ચારણ-કન્યા
ત્રાડ ગજાવે ચારણ-કન્યા

હાથ હિલોળી ચારણ-કન્યા
પાછળ દોડી ચારણ-કન્યા

ભયથી ભાગ્યો!

સિંહણ, તારો ભડવીર ભાગ્યો
રણ મેલીને કાયર ભાગ્યો

ડુંગરનો રમનારો ભાગ્યો
હાથીનો હણનારો ભાગ્યો

જોગીનાથ જટાળો ભાગ્યો
મોટો વીર મુછાળો ભાગ્યો

નર થઈ તું નારીથી ભાગ્યો
નાનકડી છોડીથી ભાગ્યો!

1928. ગીરમાં તુલસીશ્યામની નજીક ચારણોનો એક નેસ છે. ત્યાંની હીરબાઈ નામની એક ચૌદ વર્ષની ચારણ-કન્યાએ એકલીએ પોતાની વાછડીને મારનાર વિકરાળ સિંહને વાછડીનું માંસ ચાખવા ન દેતાં લાકડી વતી હાંકી મૂક્યો હતો.

કસુંબીનો રંગ

[કવિના હસ્તાક્ષર]

લાગ્યો કસુંબીનો રંગ –
રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ!

જનનીના હૈયામાં પોઢંતાં પોઢંતાં
પીધો કસુંબીનો રંગ;
ધોળાં ધાવણ કેરી ધારાએ ધારાએ
પામ્યો કસુંબીનો રંગ. – રાજ૦

બહેનીને કંઠે નીતરતાં હાલરડાંમાં
ઘોળ્યો કસુંબીનો રંગ;
ભીષણ રાત્રિ કેરા પહાડોની ત્રાડોએ
ચોળ્યો કસુંબીનો રંગ. – રાજ૦

દુનિયાના વીરોનાં લીલાં બલિદાનોમાં
ભભક્યો કસુંબીનો રંગ;
સાગરને પારે સ્વાધીનતાની કબરોમાં
મહેક્યો કસુંબીનો રંગ. – રાજ૦

ભક્તોના તંબૂરથી ટપકેલો મસ્તીભર
ચાખ્યો કસુંબીનો રંગ;
વહાલી દિલદારાના પગની મેંદી પરથી
ચૂમ્યો કસુંબીનો રંગ. – રાજ૦

નવલી દુનિયા કેરાં સ્વપ્નોમાં કવિઓએ
ગાયો કસુંબીનો રંગ;
મુક્તિને ક્યારે નિજ રક્તો રેડણહારે
પાયો કસુંબીનો રંગ. – રાજ૦

પીડિતની આંસુડાધારે-હાહાકારે
રેલ્યો કસુંબીનો રંગ;
શહીદોના ધગધગતા નિ:શ્વાસે નિ:શ્વાસે
સળગ્યો કસુંબીનો રંગ. – રાજ૦

ધરતીનાં ભૂખ્યાં કંગાલોને ગાલે
છલકાયો કસુંબીનો રંગ;
બિસ્મિલ બેટાઓની માતાને ભાલે
મલકાયો કસુંબીનો રંગ. – રાજ૦

ઘોળી ઘોળી પ્યાલા ભરિયા: રંગીલાં હો!
પીજો કસુંબીનો રંગ;
દોરંગાં દેખીને ડરિયાં: ટેકીલાં હો!
લેજો કસુંબીનો રંગ! – રાજ૦

રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ –
લાગ્યો કસુંબીનો રંગ.

બિસ્મિલ=કતલ થયેલ.

☞ સોરઠમાં ને ગુજરાતમાં નવવધૂની કસુંબલ ચૂંદડી, શૌર્ય પ્રેમીની કસુંબલ આંખ, બહારવટિયાનાં 'લાલ કસુંબલ લૂગડાં' અને 'ધ્વજ પ્રકાશશે ઝળળ કસુંબી પ્રેમશૌર્ય-અંકિત' એ કવિ નર્મદની ગીતપંક્તિ પ્રચલિત છે. સુગંધે મહેકતો, ન ભડકા જેવો કે ન આછો, પણ લાલપમાં કાળાશ ઘૂંટી કરેલો હોય તેવો આ કસુંબલ રંગ ઉત્તમ ગણાય છે. જીવનનો પણ એવો જ કસુંબલ રંગ: હૃદયના સર્વ ભાવો જેમાં નિચોવાયા હોય તેવો રંગ જીવનકસુંબીનો. એવી સકલ ઊર્મિઓના રંગે રંગાયેલા કોઈ વિરલાને નિર્દેશી રચ્યું છે.

ઘોળી ઘોળી પ્યાલા ભરિયા: રંગીલાં હો!
પીજો કસુંબીનો રંગ.

# છેલ્લી પ્રાર્થના

હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ,
કલેજાં ચીરતી કંપાવતી અમ ભયકથાંઓ,
મરેલાંનાં રુધિર ને જીવતાંનાં આંસુડાંઓ:
સમર્પણ એ સહુ તારે કદમ, પ્યારા પ્રભુ ઓ!

અમારા યજ્ઞનો છેલ્લો બલિ: આમીન કે'જે!
ગુમાવેલી અમે સ્વાધીનતા તું ફેર દેજે!
વધારે મૂલ લેવાં હોય તોયે માગી લેજે!
અમારા આખરી સંગ્રામમાં સાથે જ રે'જે!

પ્રભુજી! પેખજો આ છે અમારું યુદ્ધ છેલ્લું,
બતાવો હોય જો કારણ અમારું લેશ મેલું –
અમારાં આંસુડાં ને લોહીની ધારે ધુએલું!
દુવા માગી રહ્યું, જો, સૈન્ય અમ તત્પર ઊભેલું.

નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે,
ખબર છે આટલી કે માતની હાકલ પડી છે,
જીવે મા માવડી એ કાજ મરવાની ઘડી છે:
ફિકર શી જ્યાં લગી તારી અમો પર આંખડી છે?

જુઓ આ, તાત! ખુલ્લાં મૂકિયાં અંતર અમારાં,
જુઓ, હર જખ્મથી ઝરતી હજારો રક્તધારા,
જુઓ, છાના જલે અન્યાયના અગ્નિ-ધખારા:
સમર્પણ હો, સમર્પણ હો તને એ સર્વ, પ્યારા!

ભલે હો રાત કાળી – આપ દીવો લૈ ઊભા જો!
ભલે રણમાં પથારી – આપ છેલ્લાં નીર પાજો!
લડન્તાને મહા રણખંજરીના ઘોષ ગાજો!
મરન્તાને મધુરી બંસરીના સૂર વાજો!

તૂટે છે આભઊંચા આપણા આશા-મિનારા,
હજારો ભય તણી ભૂતાવળો કરતી હુંકારા;
સમર્પણની છતાં વહેશે સદા અણખૂટ ધારા,
મળે નવ માવડીને જ્યાં લગી મુક્તિ-કિનારા.

❧ સત્યાગ્રહના પ્રથમ સંગ્રામમાં મારા પર પાયા વગરના આરોપસર મુકદ્દમો ચાલેલો, ત્યારે, બે વર્ષની સજા કરનાર મૅજિસ્ટ્રેટ મિ. ઇસાણીની ધંધુકા ખાતેની અદાલતમાં એમની અનુજ્ઞાથી ગાયેલું તે.

'સૌરાષ્ટ્ર'ના તા. 3-5-1930ના અંકમાં પ્રગટ થયેલો ધંધુકાની અદાલતનો અહેવાલ :

~ છેલ્લી પ્રાર્થના ~

શ્રી મેઘાણીએ પોતાનું નિવેદન વાંચ્યું... ત્યારબાદ તેમણે કોર્ટની પરવાનગી માગી કે 'મારે એક પ્રાર્થના ગાવી છે, પરવાનગી હોય તો ગાઉં'. કોર્ટે રજા આપી. શ્રી મેઘાણીની છાતીના બંધ આજે તૂટી ગયા હતા આર્તસ્વરે એમણે પ્રાર્થના ગાઈ :

હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ,
કલેજાં ચીરતી કંપાવતી અમ ભયકથાઓ,
મરેલાંનાં રુધિર ને જીવતાંનાં આંસુડાંઓ:
સમર્પણ એ સહુ તારે કદમ, પ્યારા પ્રભુ ઓ!

... જેમજેમ પ્રાર્થના આગળ ચાલી, તેમતેમ એ માનવમેદની પૈકીની સેંકડો આંખો ભીની થવા માંડી. અને એ પ્રાર્થના માંડ અડધી ગવાઈ - - ગવાઈ નહીં પણ શ્રી મેઘાણીનો આર્તનાદ અડધો સંભળાયો, ત્યાં તો સેંકડો ભાઈ-બહેનોની આંખો રૂમાલ, પહેરણની ચાળો અને સાળુના પાલવો નીચે છુપાઈ, અને પછી –

પ્રભુજી! પેખજો, આ છે અમારું યુદ્ધ છેલ્લું
બતાવો હોય જો કારણ અમારું લેશ મેલું –

એ પંક્તિઓ આવી ત્યાં તો કોર્ટનો ઓરડો, ઓરડાનાં દ્વારોમાં ખડકાયેલાં ને ચોમેર ઓસરીમાં ઊભેલાં ભાઈ-બહેનોનાં ડૂસકાં પથ્થરને પણ ચીસો પડાવે તેવી રીતે હીબકવા લાગ્યાં ને પછી તો મોંછૂટ રુદનના સ્વરો ગાજવા માંડ્યાં અને છેલ્લે

સમર્પણની છતાં વહેશે સદા અણખૂટ ધારા,
મળે નવ માવડીને જ્યાં લગી મુક્તિ-કિનારા.

એ પંક્તિઓ આવી [એ પછી] શ્રી મેઘાણી... પોતાના આસને બેઠા, ત્યારે તો ખરેખર એ માનવ-મેદની રોતી જ હતી. દસેક મિનિટ તો કોર્ટનું મકાન ડૂસકાં ને આર્તનાદોથી કંપતું રહ્યું.

ફાર્બસ ગુજરાતી સભા
300399
મુંબઈ 400004

## 'રજા લઉં છું'...

[ધંધુકાની અદાલતમાં ઝવેરચંદ મેઘાણીનું નિવેદન, 28 એપ્રિલ, 1930]

મારા જેવા મામૂલી અખબારનવેશને પોલીસે ભારે માનથી નવાજ્યો છે. બરવાળામાં જે ભાષણ મેં કર્યું નથી તે ઉપજાવી કાઢવાને અને એની કીર્તિ મને બક્ષવાને સમર્થ ભેજું પોલીસ ધરાવે છે. તેને અભિનંદન પાઠવું છું. જે દિવસે અને કલાકે ભાષણ કર્યાનું તહોમત છે તે દિવસે અને તે કલાકે હું રાણપુરમાં મારા ઘરમાં ઘસઘસાટ ઊંઘતો હતો. આમ દિવસ અને રાત હું તેમના ભેજાને ચસકાવી શક્યો છું અને મૌન સેવવા છતાં આ મહાસામ્રાજ્યને માટે ભયંકર માણસ તરીકે તેમનો રૂડો અભિપ્રાય પામી શક્યો છું તે મારા નાના મસ્તકને જરૂર ઉન્મત્ત બનાવી મૂકે તેવી વાત છે. મારા સદ્‌ભાગ્યે મારામાં રહેલી થોડી વિનોદશક્તિ મને ઉગારી લ્યે છે. મારા ગંભીર અને એકરાગી જીવનમાં આ પ્રસંગને અતિશય મજાકભર્યા બનાવ તરીકે લેખું છું. તમે [ન્યાયાધીશ] અને તમારી પોલીસ જેટલા કાળને માટે મને જંજીરોની ભેટ આપશો તેટલો કાળ જંજીરોની સાથે ગેલ કરવામાં ખૂબ આનંદપૂર્વક વિતાવીશ.

ન્યાયની આ અદાલતમાં મને જરાયે ઇતબાર હોત તો જુઠ્ઠાણાં અને પ્રપંચને જમીનદોસ્ત કરવા સેંકડોને હું આ ઓરડામાં ખડા કરી દેત, પરંતુ મારા સદ્‌ભાગ્યે મારો રાહ જુદો છે. ન્યાયને નામે અત્યારથી ખદબદી રહેલા આ તંત્રમાં મને લગીરે ઇતબાર નથી. સ્વાર્થી ગોરી નોકરશાહી અને પતિત કાળી પોલીસ એકત્ર થઈ કાવતરાં કરે છે, અમુક માણસોને પસંદ કરે છે, તેમને ફસાવવા જાળ બિછાવે છે, ખોટો પુરાવો ઊભો કરે છે, આગળથી સજા નક્કી કરી નાખે છે અને પછી એ 'રાંધેલો ખોરાક' બિચારા ભીરુ હૃદયના માજિસ્ટ્રેટની મરજી વિરુદ્ધ એના ગળામાં રેડવામાં આવે છે. કિન્નાખોર નોકરોના કાવતરા વિરુદ્ધ વર્તવાની હામ માજિસ્ટ્રેટ ભીડી શકતો નથી.

મારી સામેના પ્રપંચમાં ન્યાયના નામે ગમે તેવો ભયંકર અન્યાય થાય તો યે હું દોષ દેવા નથી ઇચ્છતો. મને તમારી દયા આવે છે. અંતરાત્માની સાથે છેતરપિંડી ખેલવાની ફરજ પાડનાર અને નિરંતર માનસિક મંથન અનુભવાવનારા આ દોજખી જીવનમાંથી તમે અને તમારાં સંતાનો જલદી મુક્ત થાઓ એવી મારી બંદગી છે.

મારા અંતરની વાત કહું : અદ્‌ભુત જાગૃતિ બતાવી રહેલા આ યશસ્વી સંગ્રામના સુકાની બનવાનો અવસર મેળવવાની અને એ માનની પૂરેપૂરી કિંમત જમા કરાવવાની ઊંડી અભિલાષા હતી, પરંતુ સ્વાધીનતાની દેવીએ તેની પ્રશસ્તિ ગાનારા મારા જેવા નિષ્ક્રિય આદમી ઉપર બહુ વહેલાં કૃપાસ્મિત વરસાવ્યાં. મારા સાથીઓએ સ્વાતંત્ર્યના દેવાલયમાં જે યજ્ઞધૂપ પ્રગટાવ્યો તેની બધી સૌરભ હું ઝડપી જઈ રહ્યો છું. હર્ષથી નાચી રહેલા મારા હૃદયને આ એક જ ખયાલ દુખિત કરી રહ્યો છે.

મારા સાથીઓનાં વીરતાભર્યાં કૃત્યોના દ્રષ્ટા તરીકે મારી છાતી ગજગજ ઊછળે છે. તેમનું અડગ અહિંસક વીરત્વ જોઈને, તેમના આત્મભોગની ગંગા અનંત અને અખૂટ વહેતી જોઈને હું

[પૃષ્ઠ 4 પર ચાલુ]